પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૨૯, કુલ પાના:૪, તારીખ: ૨૨-૦૫-૨૦૨૧ શનિવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 229 PRICE :-RS. 1.50 DATE : 22-05-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પોલીસને નક્સલીઓ વિશે જાણકારી મળતા સી-૬૦ કમાન્ડોએ તપાસ અભિયાન ચલાવ્યું

## મહારાષ્ટ્રના ગઢચિરૌલીમાં પોલીસ સાથેના એન્કાઉન્ટરમાં ૧૩ નક્સલી ઠાર

ગઢચિરૌલી,

મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં ફરી પોલીસ અને નક્સલીઓ વચ્ચે એક્રાઉન્ટર થયુ હતું. આ અથડામણમાં પોલીસે ૧૩ નક્સલીઓને ઠાર માર્યા છે. માર્યા ગયેલા તમામ નક્સલીઓના શબોને જપ્ત કરવામાં આવ્યા છે. આ અથડામણ ગઢચિરોલીના એટાપલ્લીના જંગલોમાં મહારાષ્ટ્ર પોલીસની સીટ-૬૦ યૂનિટ અને નક્સલીઓ વચ્ચે થઈ છે.



વિસ્તારમાં પોલીસની ટીમ તપાસ અભિયાન ચલાવી રહી છે. મહત્વપૂર્ણ છે કે મહારાષ્ટ્રનો ગઢચિરોલી વિસ્તાર છત્તીસગઢની સરહદ સાથે જોડાયેલો છે. આ આખો વિસ્તાર નક્સલ પ્રભાવિત છે.

કહેવામાં આવી રહ્યુ છે કે પોલીસની ટીમને વિસ્તારમાં નક્સલીઓ વિશે જાણકારી મળી હતી. જે બાદ પોલીસની સી-૬૦ કમાન્ડો ટીમે તપાસ અભિયાન ચલાવ્યુ હતું. આ દરમિયાન નક્સલવાદીઓએ પોલીસની ટીમ પર હુમલો કર્યો હતો અને પછી એક્રાઉન્ટર ચાલુ થયુ હતું. આ અથડામણમાં ૧૩ નક્સલી માર્યા ગયા છે જેમના શબને જપ્ત કરી લેવામાં આવ્યા છે. ગઢચિરોલીના ડીઆઈજી સંદીપ પાટિલે પણ તેની પૃષ્ટી કરી છે.

આ પહેલા ૨૯ માર્ચે ગઢચિરોલીમાં ખોબ્રામેન્ધાના જંગલોમાં સુરક્ષાદળો સાથે બે અથડામણ બાદ બે મહિલા સહિત ઓછામાં ઓછા પાંચ નક્સલવાદી માર્યા ગયા હતા. પ્રથમ એક્રાઉન્ટર ત્યારે થયુ જ્યારે ગઢચિરોલી પોલીસની સી-૬૦ કમાન્ડો ટીમ શનિવાર સવારે તપાસ અભિયાનમાં લાગી હતી. વિવિધ સ્થળો પર જંગલોમાં છુપાયેલા લગભગ ૫૦-૬૦ નક્સલવાદીઓ સાથે અથડામણ થઈ હતી અને ગોળીબાર શરૂ થયો હતો. બન્ને તરફથી ગોળીબાર એક કલાક સુધી ચાલુ રહ્યો હતો, જે બાદ નક્સવાદી પાછળ ખસી ગયા હતા અને સવારના સમયે તે જંગલની અંદર તરફ ભાગી ગયા હતા.

બાદમાં પોલીસે આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી અને વિસ્તારમાંથી ૩ પ્રેશર કુકર બોમ્બ, ૩૦૩ રાઈફલ મેગેઝિન, જીવતા કારતૂસ, વિજળીના તારાનું બંડલ, ફાયર ક્રેકર બોમ્બ, દવા અને અન્ય સામગ્રી જપ્ત કરી હતી.

### બે મહિનામાં ત્રીજું એન્કાઉન્ટર

૨૮ એપ્રિલ: ગઢચિરોલી જિલ્લામાં C-60 ફોર્સ કમાન્ડોએ લગભગ ૪ કલાક ચાલેલા એક્રાઉન્ટરમાં ૮ લાખ રૂપિયાના બે ઈનામી નક્સલીને ઠાર કર્યા હતા.

૨૬ એપ્રિલ: નક્સલીઓએ ભારત બંધ દરમિયાન ૬ ટ્રેક્ટર અને ટેક્રરમાં આગ લગાવી દીધી. આ વાહનો રોડ નિર્માણના કાર્યમાં પર્મિલી મેદપલ્લી વિસ્તારમાં લાગ્યા હતા.

૨૩ એપ્રિલ: રાતે લગભગ ૧૨.૩૦ વાગ્યે નક્સલીઓએ કાંકેર જિલ્લાની સીમામાંથી માત્ર ૧૪ કિમી દૂર મહારાષ્ટ્રના જાંબિયા ગુટ્ટા પોલીસ સ્ટેશનમાં હુમલો કર્યો. પોલીસ સ્ટેશનની સામે બનેલાં મકાનોમાં લગભગ ૧૦૦થી વધુ નક્સલીઓએ ફાયરિંગ કર્યુ અને રોકેટ લોન્ચર છોડ્યું.

૨૯ માર્ચ: ટેક્ટિકલ કાઉન્ટર ઓફેન્સિવ કેમ્પેન માટે એકત્રિત થયેલા નક્સલીઓની સાથેના એક્રાઉન્ટરમાં કુખ્યાત નક્સલી રુસી રાવ સહિત પાંચ નક્સલી ઠાર થયા હતા.

### ગુજરાત સહિતના ૧૦ રાજ્યોમાં ફંગસનો આતંક

## કોરોના કેર વચ્ચે દેશમાં બ્લેક ફંગસથી હાહાકાર: ૨૩૩ લોકોના મોત

ન્યુ દિલ્હી,

કોરોનાના કહરની વચ્ચે દેશમાં મ્યુકરમાઈકોસિસ એટલે કે બ્લેક ફંગસ ઝડપથી ફેલાઈ રહ્યો છે. દેશના અલગ-અલગ ભાગોમાં બ્લેક ફંગસના અત્યાર સુધી ૭૨૫૧ કેસ સામે આવ્યા છે અને ૨૧૯ લોકોના મોત થયા છે. ગુરૂવારના કેન્દ્ર સરકારે કહ્યું કે, રાજ્યોને મહામારી અધિનિયમ, ૧૮૯૭ અંતર્ગત બ્લેક ફંગસને મહામારી જાહેર કરવી જોઈએ. આ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૩ સરકારી હૉસ્પિટલો લોકનાયક, જીટીબી અને રાજીવ ગાંધી હૉસ્પિટલને બ્લેક ફંગસ માટે સમર્પિત કેન્દ્ર સ્થાપિત કરવા માટે કહ્યું છે.

આ પહેલા રાજસ્થાન સરકારે બ્લેક ફંગસને મહામારી જાહેર કરી દીધી છે. આ સાથે જ અનેક રાજ્ય સરકારો એલર્ટ પર છે. મ્યુકરમાઈકોસિસથી પ્રભાવિત દેશના ૧૦ સૌથી પ્રભાવિત રાજ્યોમાં



મહારાષ્ટ્ર પહેલા નંબરે છે. મહારાષ્ટ્રમાં મ્યુકરમાઈકોસિસના ૧,૫૦૦ કેસ છે અને આના કારણે ૯૦ લોકોના મોત થયા છે. ગુજરાતમાં ૧૫૦૦ કેસ સામે આવ્યા છે અને ૭૫થી વધુ લોકોના મોત થયા છે. મધ્ય પ્રદેશમાં ૫૭૫ કેસ અને ૩૧ના મોત, હરિયાણામાં ૨૬૮ કેસ અને ૮ લોકોના મોત, દિલ્હીમાં ૨૦૩ કેસ અને એક દર્દીનું મોત, ઉત્તર પ્રદેશમાં ૧૬૯ કેસ અને ૮ મોત, બિહારમાં અત્યાર સુધી ૧૦૩ કેસ સામે આવ્યા છે અને ૨ લોકોના મોત થયા છે.

જ્યારે છત્તીસગઢમાં મ્યુકરમાઈકોસિસના ૧૦૧ કેસ સામે આવ્યા છે અને એક વ્યક્તિનું મોત થયું છે, કર્ણાટકમાં ૯૭ કેસ સામે આવ્યા છે અને સત્તાવાર આંકડાઓમાં કોઈનું પણ મોત થયું નથી. તેલંગાણામાં મ્યુકરમાઈકોસિસના ૯૦ કેસ સામે આવ્યા છે અને ૧૦ મોત પણ નોંધાયા છે. આ દરમિયાન મ્યુકરમાઈકોસિસ એટલે કે બ્લેક ફંગસના વધતા સંક્રમણના કારણે આની સારવારમાં ઉપયોગ કરવામાં આવનારી એન્ટી-ફંગલ દવા એમ્ફોટેરિસિન-બ્ની ડિમાન્ડ વધી ગઈ છે. દિલ્હી હાઈકોર્ટે ગુરૂવારના સલાહ આપી કે કેન્દ્ર દેશમાં માંગ પુરી કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્તર પર દવાની ખરીદી કરે.

### ગુજરાતમાંથી ૧૨૦૦ ઓક્સિજન સીલિન્ડર નાગાલેન્ડ મોકલવામાં આવ્યા



અમદાવાદ,

ગુજરાતમાંથી ૧૨૦૦ ઓક્સિજન સિલિન્ડર નાગાલેન્ડ મોકલવામાં આવ્યા છે. રાજ્યમાંથી પ્રથમ વખત ઓક્સિજનનો આટલો મોટો જથ્થો અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યો છે. કચ્છથી અમદાવાદ આવેલા મેડિકલ સિલિન્ડરને નાગાલેન્ડ મોકલવામાં આવ્યા હતા. નાગાલેન્ડમાં કોરોનાના દર્દીઓ માટે મેડિકલ ઓક્સિજનનો જથ્થો પહોચાડવામાં આવ્યો છે.

કોરોના મહામારીમાં ઓક્સિજનના દર્દીઓને રાહત આપવા માટે ઉત્તરાખંડના કેબિનેટ મંત્રી હરક સિંહ રાવતે ગુજરાતમાંથી ૫૦૦ સિલિન્ડર મંગાવ્યા છે.જેમાંથી ૨૫૦ સિલિન્ડરનો પ્રથમ જથ્થો પહોચી ગયો છે.

ગુજરાતમાંથી અન્ય રાજ્યોમાં ઓક્સિજનનો જથ્થો સમયસર પહોચાડવા માટે રેલ્વેની મદદ લેવામાં આવી છે. ગુજરાતમાંથી ઓક્સિજન એક્સપ્રેસ ટ્રેન ચલાવવામાં આવી રહી છે જે વિવિધ સ્થળોએ ઓક્સિજન પહોચાડી રહી છે. જયપુરમાં આવી રીતે જ રાજ્યમાંથી ઓક્સિજનનો જથ્થો પહોચાડવામાં આવ્યો હતો. રાજસ્થાનની તમામ હોસ્પિટલમાં ટેક્રો દ્વારા ઓક્સિજનના આ જથ્થાને સપ્લાય કરવામાં આવશે. રેલ્વેના અધિકારીઓ અનુસાર કોરોના સંક્રમણને જોતા ભારતીય રેલ્વે તરફથી રાજ્યોને લિક્વિડ મેડિકલ ઓક્સિજન પહોચાડવા માટે વિવિધ રાજ્યોમાં ઓક્સિજન એક્સપ્રેસ રેલ્વે સેવાનું સંચાલન કરવામાં આવી રહ્યુ છે.

### મ્યુકરમાઈકોસિસનો વધતો કહેર: એક્સપર્ટ કમિટીની રચના કરવામાં આવી

અમદાવાદ,

ગુજરાતમાં કોરોના કહેર બાદ મ્યુકરમાઈકોસિસનો કહેર વરસી રહ્યો છે. લોકો કોરોનામાંથી સાજા થયા બાદ મ્યુકરમાઈકોસિસનો ભોગ બની રહ્યા છે. રાજ્યમાં તમામ મહાનગરોમાં મ્યૂકરમાઈકોસિસ દર્દીઓના માથે મોતનો ખતરો મંડરાઈ રહ્યો છે. સરકાર અને તંત્ર આ નવા પડકારનો સામનો કરવા માટે ઝઝૂમી રહ્યા છે. ત્યારે મ્યુકરમાઈકોસિસનો કહેર વધતાં હાલ એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. સિવિલ હોસ્પિટલમાં મ્યુકર એક્સપર્ટ કમિટી કાર્યરત કરવામાં આવી છે. સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટના નેજા હેઠળ આ કમિટીની રચના કરવામાં આવી છે. સિવિલ સુપ્રિ. મ્યુકર એક્સપર્ટ કમિટીના અધ્યક્ષ રહેશે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે સિવિલ હોસ્પિટલમાં મ્યુકર એક્સપર્ટ કમિટી કાર્યરત કરવામાં આવી છે. જેમાં મેડીસિન વડા ડો.કમલેશ ઉપાધ્યાય અને ઈ.એન.ટી વડા ડૉ.બેલા પ્રજાપતિને નોડલ ઓફિસર બનાવવામાં આવ્યા છે. બીજા અન્ય વિભાગોના વડાઓને પણ કમિટીમાં લેવામાં આવ્યા છે. ડેન્ટલ હોસ્પિટલના પ્રોફેસર એન્ડ હેડ ડૉ.સોનલ આંચલિયાનો પણ કમિટીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

## ૧૧ દિવસના લોહિયાળ જંગ બાદ ઈઝરાયલ-હમાસની વચ્ચે સંઘર્ષ વિરામની ઘોષણા

યેરુસલેમ,

ઈઝરાયેલ અને હમાસ ગુરૂવારના સંઘર્ષ વિરામ માટે સહમત થઈ ગયા. ૧૧ દિવસ સુધી ચાલેલા આ યુદ્ધના કારણે ગાઝાપટ્ટીમાં ભારે તબાહી મચી. મોટાભાગના ઈઝરાયેલમાં જીવન ઠપ્પ થઈ ગયું અને ૨૦૦થી વધારે લોકો માર્યા ગયા. ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્ઝામિન નેતન્યાહૂની સુરક્ષા કેબિનેટે ગાઝાપટ્ટીમાં ૧૧ દિવસથી ચાલી રહેલા સૈન્ય અભિયાનને રોકવા માટે એકતરફી સંઘર્ષવિરામને મંજૂરી આપી છે. મીડિયામાં આવેલા સમાચારો કહેવામાં આવ્યું છે કે હુમલાઓને રોકવા માટે અમેરિકા તરફથી દબાવ બનાવ્યા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સંઘર્ષ વિરામના એલાન પર નેતન્યાહૂના કાર્યાલયે કહ્યું કે, તેમના સુરક્ષા મંત્રીમંડળે ઈઝરાયેલના સૈન્ય પ્રમુખ અને



ટોચના સુરક્ષા અધિકારીઓની ભલામણો બાદ મિસ્ત્રના સંઘર્ષ વિરામ પ્રસ્તાવને સર્વસંમતિથી સ્વીકાર્યું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, “ઑપરેશનમાં મહત્વપૂર્ણ ઉપલબ્ધિઓ પણ મળી જે ઘણી અભૂતપૂર્વ છે.” નિવેદન પ્રમાણે, “રાજકીય નેતાઓએ એ વાત પર ભાર આપ્યો કે, જમીની હકીકત ઑપરેશનનું ભવિષ્ય નક્કી કરશે.” ઈઝરાયેલી પીએમની ઑફિસ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનને હમાસ માટે ધમકી જેવું માનવામાં આવી રહ્યું છે.

ગાઝા સ્વાસ્થ્ય મંત્રાલય તરફથ ૬૫ બાળકો અને ૩૯ મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૨૩૦ પેલેસ્ટાઈનીઓના મોત થયા છે. તો ૧,૭૧૦ લોકો ઘાયલ થયા છે. બીજી તરફ ઈઝરાયેલમાં ૫ વર્ષના બાળક અને ૧૬ વર્ષની છોકરી સહિત ૧૨ લોકોના મોત થયા છે. આ સાથે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને ઈઝરાયેલ-ગાઝા યુદ્ધવિરામની પુષ્ટિ કરી છે. બાઈડને યુદ્ધવિરામ માટે ઈઝરાયેલની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે, અમેરિકાએ આતંકવાદી જૂથોથી ખુદનો બચાવ કરવા માટે ઈઝરાયેલનું સમર્થન કર્યું. બાઈડને કહ્યું કે, તેમની સરકાર ખાતરી કરવામાં મદદ કરશે કે ભવિષ્ય માટે આઈરન ડોમ સિસ્ટમ પુરી પાડવામાં આવે.

બાઈડને કહ્યું કે, “મારું માનવું છે કે અમારી પાસે આગળ વધવા માટેની એક વાસ્તવિક તક છે અને હું આ માટે કામ કરવા માટે પ્રતિબદ્ધ છું.” ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલ અને હમાસની વચ્ચે સંઘર્ષ વિરામ નેતન્યાહૂ માટે સંવેદનશીલ સમય પર આવ્યો છે. આ વર્ષે માર્ચમાં એક અનિર્ણાયક ચૂંટણી બાદ નેતન્યાહૂ સંસદમાં બહુમત બનાવવામાં નિષ્ફળ રહ્યા. તેમના વિરોધીઓની પાસે હવે તેમની વૈકલ્પિક સરકાર બનાવવા માટે ૨ જૂન સુધીનો સમય છે.

### ૨.૫૯ લાખ કેસ નોંધાયા, ૪૨૦૯ દર્દીઓ કોરોના સામે જંગ હાર્યા

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવ કેસ ઘટ્યા: મૃત્યુઆંક ચિંતાજનક

ન્યુ દિલ્હી,

વધુ એક દિવસ ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા કેસ ૩ લાખની અંદર નોંધાયા છે, ભારતમાં ગુરુવારે કોરોના વાયરસના વધુ ૨,૫૯,૫૯૧ કેસ નોંધાયા છે. જોકે, મૃત્યુઆંક ફરી એકવાર ૪,૦૦૦ને પાર ગયો છે. પાછલા ૨૪ કલાકમાં દેશમાં ૪,૨૦૯ દર્દીઓએ કોરોના સામે દમ તોડ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે રજૂ કરેલા આંકડા પ્રમાણે ભારતમાં ૨૪ કલાકમાં ૩,૫૭,૨૯૫ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થયા છે. ભારતમાં કોરોનાના કુલ કેસનો આંકડો વધીને



૨,૬૦,૩૧,૯૯૧ થઈ ગયો છે જ્યારે એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૩૦,૨૭,૯૨૫ થઈ ગઈ છે.

૨૪ કલાકમાં ૪૦૦૦થી વધુ દર્દીઓનું કોરોનાથી મોત થતા કુલ મૃત્યુઆંક વધીને ૨,૯૧,૩૩૧ થઈ ગયો છે. જ્યારે ૩,૫૭,૨૯૫ દર્દીઓ સાજા થવાથી ભારતમાં કોરોનાને હરાવીને સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૨,૨૭,૧૨,૭૩૫ થઈ ગઈ છે.

ગુરુવારે નોંધાયેલા આંકડા પ્રમાણે ભારતમાં એક દિવસમાં ૩,૮૭૩ દર્દીઓના કોરોનાથી મોત થયા હતા, જેની સામે આજના આંકડા પ્રમાણે ૩૦૦થી વધુ મૃત્યુઆંક વધ્યા છે.

આઈસીએમઆર મુજબ દેશમાં ૨૦ મે સુધીમાં ૩૨,૪૪,૧૭,૮૭૦ કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે, જેમાંથી ગુરુવારે ૨૦,૬૧,૬૮૩ સેમ્પલ ટેસ્ટ માટે લેવામાં આવ્યા હતા.

૧૬ જાન્યુઆરીએ ભારતમાં કોરોનાની રસીનું અભિયાન શરુ થયું હતું, જેમાં અત્યાર સુધીમાં દેશમાં ૧૯,૧૮,૭૯,૫૦૩ ડોઝ આપવામાં આવ્યા છે.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૩ એપ્રિલના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે. ૧૮મેના રોજ જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૫ કરોડને પાર થઈ ગઈ હતી.

## ફરી એકવાર પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો: ૧૭ દિવસમાં ૩ રૂ.નો વધારો ઝીંકાયો

ન્યુ દિલ્હી,

ઓઈલ કંપનીઓએ આજે ફરી પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કરી દીધો. પરિણામે રાજયમાં વડોદરા સિવાય અમદાવાદ, સુરત અને રોજકોટમાં પણ પેટ્રોલના ભાવો ૯૦ રૂપિયાને પાર પહોંચી ગયા. ગુજરાતના મહાનગરોમાં ડીઝલની કિમત પહેલાં જ પેટ્રોલ કરતા વધીને ૯૦ રૂપિયાને પાર પહોંચી ગઈ.

શુક્રવારે પેટ્રોલમાં ૧૮ અને ડીઝલમાં વધુ ૩૧ પૈસાનો વધારો ઝીંકાયો. આમ ૪ મે બાદ ૧૭ દિવસમાં પેટ્રોલ ૨.૫૨ રૂપિયા અને ડીઝલ ૩.૨૮ રૂપિયા મોંઘા થઈ ગયા. ભાવવધારા સાથે મુંબઈમાં પેટ્રોલની કિંમત સદીની




આરે પહોંચી ગઈ છે. પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓના પરિણામ બાદ બંને ઈંધણમાં ૪ મેથી સતત અથવા એકાંતરે ભાવ વધારો થઈ રહ્યો છે.

શુક્રવારના ભાવવધારો બાદ દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૩.૦૪રૂપિયા થઈ ગઈ. મુંબઈમાં ૯૯.૩૨ અને કોલકાતામાં ૯૩.૧૧ રૂપિયા થઈ ગયા. ચેન્નાઈમાં ૯૪.૭૧ રૂપિયા છે.

તેવી જ રીતે દિલ્હીમાં ડીઝસની કિંમત ૮૩.૮૦ , કાલકાતામાં ૮૬.૬૪ રૂપિયા પહોંચી ગઈ. જ્યારે મુંબઈમાં આજે ડીઝલ ૯૧.૦૧ રૂપિયા થઈ ગયું. ચેન્નાઈમાં ૮૮.૬૨ રૂપિયાનો ભાવ થઈ ગયો. જ્યારે ગુજરાતના મહાનગરોમાં પેટ્રોલ ૨.૫૨ રૂપિયા અને ડીઝલ ૩.૨૮ રૂપિયા મોંઘા થયા.

મે મહિનામાં ચાર મહાનગરોમાં પેટ્રોલ-ડીઝલના ભાવોમાં ૨.૩૪ રૂપિયાથી લઈ ૩.૨૧ રૂપિયા સુધીનો વધારો થયો. દિલ્હીમાં પેટ્રોલ ૨.૫૬, કોલકાતામાં ૨.૬૧, મુંબઈમાં ૨.૬૨ અને ચેન્નાઈમાં ૨.૪૪ રૂપિયા મોંઘુ થયું. જ્યારે ડીઝલનો ભાવ દિલ્હીમાં૩.૧૧, કોલકાતામાં ૩.૦૫, મુંબઈમાં ૩.૨૧ અને ચેન્નાઈમાં ૨.૮૦ રૂપિયા વધ્યો.

## RBI સરપ્લસ રકમમાંથી કેન્દ્ર સરકારને ૯૯,૧૨૨ કરોડ આપશે

મુંબઈ,

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એ તેની સરપ્લસ રકમમાંથી ૯૯,૧૨૨ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારને આપવાનો નિર્ણય લીધો છે. ભારતીય રિઝર્વ બેંકે બેઠકમાં ૯૯,૧૨૨ કરોડ રૂપિયાનાં ટ્રાન્સફરને મંજૂરી આપી છે. આ નિર્ણય આજે આરબીઆઈનાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટરની બેઠકમાં લેવામાં આવ્યો છે.

એક નિવેદનમાં આ નિર્ણય અંગે માહિતી આપતા રિઝર્વ બેંકે જણાવ્યું હતું કે, રિઝર્વ બેંકનું હિસાબી વર્ષ એપ્રિલથી માર્ચ સુધી બદલાયું છે. અગાઉ તે જુલાઈથી જૂન હતું. તેથી બોર્ડે જુલાઈથી માર્ચ ૨૦૨૧ દરમિયાન નવ મહિનાનાં સંક્રમણ સમયગાળા દરમિયાન ભારતીય




રિઝર્વ બેંકની કામગીરી અંગે ચર્ચા કરી હતી. બોર્ડે તેની બેઠકમાં હાલની આર્થિક સ્થિતિ, વૈશ્વિક અને સ્થાનિક પડકારો અને કોવિડ-૧૯ ની બીજી લહેરનાં અર્થતંત્ર પરનાં પ્રભાવને ઘટાડવા માટે રિઝર્વ બેંક દ્વારા લીધેલા તાજેતરનાં નીતિગત પગલાઓની સમીક્ષા કરી હતી. જણાવી દઈએ કે, અગાઉ બોર્ડ દ્વારા એકાઉન્ટિંગ વર્ષ ૨૦૧૯-૨૦ માટે સરકારને ૫૭,૧૨૮ કરોડ રૂપિયાનાં સરપ્લસને ટ્રાન્સફર કરવા પર પોતાની સંમતિ આપી હતી. ગયા વર્ષ પહેલાનાં સાત વર્ષમાં આ સૌથી ઓછું સરપ્લસ ટ્રાન્સફર હતું. વર્ષ ૨૦૧૯ માં, આરબીઆઈએ કેન્દ્ર સરકારને રૂ. ૧,૨૩,૪૧૪ કરોડનું સરપ્લસ ટ્રાન્સફર કર્યું હતું.

આ બેઠકમાં ડેપ્યુટી ગવર્નર્સ મહેશકુમાર જૈન, ડો.માઈકલ દેવવ્રત પાત્રા, એમ. રાજેશ્વર રાવ, ટી. રવિશંકર અને સેન્ટ્રલ બોર્ડનાં અન્ય ડિરેક્ટર, જેમ કે એન. સતિષ કે. મરાઠે, એસ. ગુરૂમૂર્તિ, રેવતી અય્યર અને પ્રો. સચિન ચતુર્વેદી બેઠકમાં હાજર રહ્યા હતા. નાણાકીય સેવાઓ વિભાગનાં સચિવ દેવાશીષ પાંડા અને આર્થિક બાબતોનાં વિભાગનાં સચિવ અજય શેઠ પણ બેઠકમાં હાજર રહ્યા હતા.

# મહીસાગર જિલ્લામાં આજે ૭૮ પોઝિટિવ કેસ નોંધાયા : જિલ્લામાં કોરોનના કુલ ૭૧૦૬ પોઝીટીવ કેસ નોંધાયા




**મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૧૩
કડાણા-૪
ખાનપુર-૮
લુણાવાડા-૨૭
સંતરામપુર-૨૦
વિરપુર-૦૬

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના–૦૬ સ્ત્રી અને ૦૭ પુરૂષના, કડાણા તાલુકાના ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષના, ખાનપુર તાલુકાના–૦૪ સ્ત્રીના, ૦૪ પુરૂષના, લુણાવાડા તાલુકાના– ૧૧ સ્ત્રી ના અને ૧૬ પુરૂષના, સંતરામપુર તાલુકાના–૧૦ સ્ત્રીના, ૧૦ પુરૂષના અને વિરપુર તાલુકાના–૦૧ સ્ત્રીના, ૦૫ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૧–૦૫–૨૦૨૧ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૭૧૦૬ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની–૧૧ સ્ત્રી , ૨૪ પુરૂષ, કડાણા તાલુકાની–૦૯ સ્ત્રી૦, ૧૧ પુરૂષ, ખાનપુર તાલુકાની–૦૪ સ્ત્રી, ૦૬ પુરૂષ, લુણાવાડા તાલુકાની–૧૭ સ્ત્રી , ૧૮ પુરૂષ, સંતરામપુર તાલુકાની–૧૪ સ્ત્રી, ૩૧ પુરુષ અને વિરપુર તાલુકાની ૦૮ સ્ત્રી અને ૧૨ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૬૧૨૭ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/કોરોનાના કુલ ૨૨૮૫૪૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૮૭ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૪ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૫૧૪ દર્દી હોમઆઈસોલેશનમાં, ૪૮ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૭૫ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૫૫ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૭૩૭ દર્દીઓ સ્ટેબલ, ૧૫૫ દર્દીઓ ઓક્સિજન પર અને ૧૪ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

### MGVCLની ક્વિક રિસ્પોન્સ ટીમોની કાબિલેદાદ કામગીરી

# મહીસાગરમાં ૧૧૫ વીજ ફીડરોને અસર થતાં ફીડરોનું સમારકામ કરી વીજપુરવઠો યથાવત કરવામાં આવ્યો


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
તાઉ–તે વાવાઝોડાની આમ, તો મહીસાગર જિલ્લામાં નહીવત અસર થવા પામી હતી. તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગમચેતીના ભાગરૂપે હાથ ધરવામાં આવેલ વિવિધ સુચારૂ વ્યવસ્થાઓના કારણે સમગ્ર જિલ્લામાં જાનમાલની કોઈ ગંભીર નુકસાની નોંધાયેલ નથી. તેમ છતાં વાવાઝોડાની અસરના કારણે પવનની ગતિમાં વધારો નોંધાયેલ હતો. જેના કારણે મહીસાગર જિલ્લાના ૧૬૦ગામોમાં વીજ પુરવઠો ખોરવાયેલ તેમજ ૫૦ જેટલા વિજ થાંભલાઓ પડી ગયા હતા. જયારે ૧૧૫ વિજ ફિડરને નુકશાન થયું હતું. પરંતુ વાવાઝોડા સંદર્ભે કોઈપણ સ્થિતિનો સામનો કરવા જિલ્લા કલેકટર આર. બી. બારડની આગેવાની તથા મહીસાગર–લુણાવાડાની એમ.જી.વી.સી.એલ.ની વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર આર.જી. શાહના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ ક્વિક રીસ્પોન્સ ટીમોએ માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં જ સમારકામ કરીને તમામ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરી કાબિલેદાદ કામગીરી કરી પોતાની ફરજો અદા કરી પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

આ અંગેની વધુ વિગતો આપતા એમ.જી.વી.સી.એલ.ના કાર્યપાલક ઈજનેર આર. જી. શાહે કહ્યું હતું કે, વાવાઝોડાના કારણે મહીસાગર જિલ્લાના ૧૬૪ ગામોને અસર થવા પામી હતી. જે પૈકી તમામ ગામોમાં ૨૪ કલાકની અંદર સમારકામ કરીને વીજપુરવઠો પૂર્વવત કરવામાં આવ્યો હતો.

તાઉ–તે વાવાઝોડાથી ૧૧૫ વીજ ફીડરોને અસર થવા પામી હતી. તે તમામ ફીડરો ગણતરીના કલાકો એટલે કે પાંચ(૫) થી ૬ (છ) કલાકની અંદર સમારકામ કરીને તમામ ફીડરો કાર્યરત કરી વીજપુરવઠો યથાવત કરવામાં આવ્યો હતો. જેમાં કુલ એચ.ટી./એલ.ટી. લાઇનના આશરે ૫૦ જેટલા વીજ થાંભલા પડી ગયા હતા. જે વીજ થાંભલા નવા નાંખીને વીજ પુરવઠો પૂર્વવત કરવામાં આવ્યો હતો. તાઉ–તે વાવાઝોડાના કારણે જિલ્લાની કુલ ૧૯૩ કિલોમીટર એચ.ટી. લાઇનોને અને ૧૦૪ કિલોમીટર એલ.ટી. લાઇનોને પણ નુકશાન થવા પામ્યું હતું. જેના કારણે જિલ્લાના ૩૦,૦૦૦ જેટલા વીજ ગ્રાહકોને વીજ પુરવઠાની અસર થવા પામી હતી. જેને પણ ગણતરીના સમયમાં રીપેર કરીને વીજ પુરવઠો કાર્યરત કરવામાં આવ્યો હતો. આગોતરા આયોજન મુજબ એમ..જી.વી.સી.એલ. દ્વારા તૈયાર કરવામાં આવેલ ક્વિક રીસ્પોન્સ ટીમો યુદ્ધના ધોરણે ઉપરોક્ત તમામ સ્થળોએ વિષમ પરિસ્થિતિમાં પણ કામે લાગી હતી અને વીજપુરવઠો કાર્યરત કરવાની કામગીરી હાથ ધરી હતી ટૂંકા ગાળામાં જ તમામ ગામોમાં વીજપુરવઠો પુનઃ કાર્યરત સફળતા પૂર્વક કરવામાં આવ્યો છે.

# મહીસાગર જિલ્લામાં આતંકવાદ વિરોધી દિવસની ઉજવણી કરવામાં આવી



લુણાવાડા,
સમગ્ર દેશમાં દર વર્ષે ૨૧ મે આતંકવાદ વિરોધી દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ દિવસ મનાવવા પાછળનો ઉદ્દેશ્ય દેશના નાગરિકોને આતંકવાદ અને હિંસક સંપ્રદાયથી દૂર રહી સામાન્ય લોકોની વેદનાને સમજવા અને રાષ્ટ્રીય હિત માટે કામો કરવા પ્રેરીત કરવાનો છે. આ દિવસને ઉજવણીમાં વિવિધ આતંકવાદ વિરોધી કાર્યક્રમોનું આયોજન ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે.

જેના ભાગરૂપે ગુજરાત રાજ્યમાં દર વર્ષે તમામ સરકારી–જાહેર ક્ષેત્રની કચેરીઓ, જાહેર સંસ્થાઓમાં આતંકવાદ અને હિંસાનો વિરોધ કરવા, માનવજાતિના તમામ વર્ગો વચ્ચે શાંતિ, સામાજિક સદભાવ તથા મનમેળ કાયમ રહે તથા માનવજીવનના મૂલ્યો સામે આવનારા જોખમો સામે લડવા માટે એકજુથ બનીને શપથ ગ્રહણ જેવા કાર્યક્રમો કરવામાં આવે છે. જેના અનુસંધાને આજરોજ મહીસાગર જિલ્લામાં જિલ્લો કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના માર્ગદર્શન અને રાહબરી હેઠળ નિવાસી અધિક કલેક્ટર આર. આર. ઠક્કર સહિત કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત સહિત સમગ્ર સેવા સદન, પંચાયત સદન, પ્રાંત કચેરીઓ, તમામ તાલુકા મથકની કચેરીઓ, આઇ.ટી.આઇ., કચેરીઓમાં ઉપસ્થિત તમામ અધિકારીઓ–કર્મચારીઓએ આતંકવાદ અને હિંસાનો પૂરી તાકાતથી વિરોધ કરવા માનવજાતિના તમામ વર્ગો વચ્ચે શાંતિ, સામાજિક સદભાવ તથા મનમેળ કાયમ રહે તેમજ માનવજીવનના મૂલ્યો સામે આવનારા જોખમો અને વિઘટનકારી શક્તિઓ સામે લડવા માટે એકજુથ બનીને રહેવાના શપથ લઇ આતંકવાદ વિરોધી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. હાલ કોવિડ –૧૯ રોગચાળાને ધ્યાનમાં રાખીને સામાજિક અંતર જાળવી, માસ્ક પહેરી શપથ વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ખેલો ઈન્ડિયા યોજના અંતર્ગત મહીસાગર જિલ્લાકક્ષાએ ખેલો ઈન્ડિયા સેન્ટર (KICs) શરૂ કરવા અંગે

લુણાવાડા,
કેન્દ્ર સરકારની મહત્વની યોજના ખેલો ઈન્ડિયા અંતર્ગત આવેલ સૂચના અન્વયે જિલ્લા કક્ષાએ ખેલો ઈન્ડિયા સેન્ટર (KICs) શરૂ કરવાના થાય છે. જે અન્વયે અત્રેના મહીસાગર જીલ્લામાં પણ ખેલો ઈન્ડિયા સેન્ટર (KICs) શરૂ કરવામાં આવનાર છે. ખેલો ઈન્ડિયા સેન્ટર (KICs) માં તાલીમ માટે ઓલમ્પિક ૨૦૨૪ ને ધ્યાને લઈ (આર્ચરી, અથ્લેટીક્સ, ફેન્સીંગ, હોકી, જુડો, રોવિંગ, શુટીંગ, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વેઈટ લિફ્ટિંગ,કુસ્તી) જેવી ૧૪ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ ખેલો ઈન્ડિયા સેન્ટર (KICs) માં વધુમાં વધુ ત્રણ રમતો તથા રમત દીઠ ઓછામાં ઓછા ૩૦ તાલીમાર્થીઓને લાભ મેળવી શકશે. આ ખેલો ઈન્ડિયા સેન્ટર (KICs) માટે પ્રત્યેક રમત દીઠ એક વખત મળવાપાત્ર શરૂઆતી સહાય રૂ.૫.૦૦ લાખ આપવામાં આવશે. ત્યારબાદ જરૂરી સ્ટાફનું માનદવેતન, નવા રમતના સાધનો ખરીદી કરવા, સ્પોર્ટસ કીટ, સ્પર્ધામાં ભાગ લેવા માટે થનારો ખર્ચ માટે પ્રત્યેક રમત દીઠ વાર્ષિક મળવાપાત્ર સહાય રૂ.૫.૦૦ લાખ રહેશે. ભારત સરકારની ગાઈડલાઈન અનુસાર અત્રેના જિલ્લામાં ખેલો ઈન્ડિયા સેન્ટર (KICs) શરૂ કરવા અંગે દરેક ભુતપૂર્વ વિજેતા ખેલાડી કે જેઓ હાલ રમતનું પ્રશિક્ષણ આપતા હોય કે જેઓની જરૂરી લાયકાત વ્યક્તિગત કે ટીમ ઈવેન્ટમાં નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન અથવા એશોસીએશન હેઠળ (૧) આંતર રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કરેલ હોય (૨) સિનિયર નેશનલ ટુર્નામિન્ટ તથા ખેલો ઈન્ડિયા ગેમ્સમાં મેડલ મેળવેલ હોય (૩) ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી ટુર્નામિન્ટમાં મેડલ વિજેતા હોય (૪) સિનિયર નેશનલ ટુર્નામિન્ટમાં રાજયનું પ્રતિનિધિત્વ કરેલ હોય અથવા ખેલો ઈન્ડિયા ગેમ્સમાં ભાગ લીધેલ હોય કે જેઓની ઉંમર ૪૦ વર્ષથી નીચે હોય તેવા ખેલાડીઓ તથા પાંચ વર્ષથી વધુ સમયથી રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહન પૂરૂં પાડતી હોય તેવી સ્પોર્ટ્સ એકેડમી/સંસ્થા/શાળાઓ પોતાની દરખાસ્તો (વધુમાં વધુ ત્રણ રમતો માટે) જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, રૂમ નંબર–૨૩૨, બીજો માળ, કલેક્ટર કચેરી, લુણાવાડા જી–મહીસાગર ને તા.૨૫/૦૫/૨૦૨૧ સાંજે ૦૫ઃ૦૦ કલાક સુધીમાં અરજી જરૂરી તમામ ડોક્યુમેન્ટસ સાથે રૂબરૂ બિનચૂક મોકલી આપવાની રહેશે. ઓનલાઈન અરજી ફોર્મ nsrs.kheloindia.gov.in પરથી રજીસ્ટ્રેશન કરી મેળવી શકાશે. સમય મર્યાદાબાદ આવેલ દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહિ જેની તમામે નોધ લેવા સારૂં તેમ જિલ્લા રમતગમત અધિકારીની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૨૨-૦૫-૨૦૨૧, શનિવાર, વૈશાખ સુદ-૧૦, સૂર્યોદય-૫-૨૬, સૂર્યાસ્ત-૭-૦૮, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ ઉત્તર ફાલ્ગુની

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# બ્લેક ફંગસ અંગે વડાપ્રધાને ચિંતા વ્યક્ત કરીઃ આ નવો પડકાર



ન્યુ દિલ્હી,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારના કોરોના સંકટને જોતા પોતાના સંસદીય વિસ્તાર વારાણસીના ડૉક્ટરો સાથે સીધો સંવાદ કર્યો. ડૉક્ટરો સાથે વાત કરતા પીએમ મોદી ભાવુક થઈ ગયા. પીએમે કહ્યું કે, કોવિડની વિરુદ્ધ ચાલી રહેલી આ લડાઈમાં આપણે અનેક પોતાનાઓને ગુમાવી દીધા છે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, ‘‘હું કાશીનો એક સેવક હોવાના નાતે પ્રત્યેક કાશીવાસીનો આભાર માનું છું. ખાસ કરીને આપણા ડૉક્ટર્સ, નર્સેસ અને અન્ય સ્વાસ્થ્ય કર્મચારીઓએ જે કામ કર્યુ એ પ્રશંસનીય છે. આ વાયરસે અનેક આપણા પોતાનાઓને આપણાથી છીનવી લીધા છે, હું એ તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપું છું, તેમના પરિવાર પ્રત્યે સાંત્વના વ્યક્ત કરું છું.’’

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ‘‘કોરોનાની બીજી લહેરમાં આપણે અનેક મોરચાઓ પર એક સાથે લડવું પડી રહ્યું છે. આ વખતે સંક્રમણ દર પણ પહેલાથી અનેક ઘણો વધારે છે, દર્દીઓએ વધારે દિવસ સુધી હૉસ્પિટલમાં રહેવું પડી રહ્યું છે. આનાથી આપણી સ્વાસ્થ્ય સીસ્ટમ પર દબાણ પડ્યો છે.’’ પીએમ મોદીએ વારાણસીના ડૉક્ટરો સાથે વાત કરતા કહ્યું કે, આપણે વારાણસીમાં કોવિડને કંટ્રોલ કરવામાં સફળતા મેળવી છે, પરંતુ અત્યારે ફોકસ વારાણસી અને પૂર્વાંચલના ગામોને બચાવવા પર થવું જોઈએ. પીએમ મોદીએ આ દરમિયાન નવો મંત્ર આપ્યો કે, હવે આપણે ‘જ્યાં બીમાર, ત્યાં ઉપચાર’ના મંત્રને ફૉલો કરવાનો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ‘‘કોરોનાની બીજી લહેરમાં આપણે વેક્સિનની સુરક્ષાને પણ જોઈ છે. વેક્સિનની સુરક્ષાના કારણે ઘણી હદ સુધી આપણા ફ્રન્ટ લાઈન વર્કર્સ સુરક્ષિત રહીને લોકોની સેવા કરી શક્યા છે. આ સુરક્ષાકવચ આવનારા સમયમાં દરેક વ્યક્તિ સુધી પહોંચશે. આપણે આપણો વારો આવવા પર વેક્સિન લગાવવાની છે.’’ પીએમ મોદીએ કહ્યું કે, ‘‘વેક્સિનની તમામે જવાબદારી સમજવાની છે અને આને લગાવવાની છે. આપણી લડાઈ એક અદ્રશ્ય, રૂપ બદલનારા દુશ્મનની વિરુદ્ધ છે. આવામાં આપણે હંમેશા સતર્ક રહેવું પડશે.’’ પીએમ મોદીએ કહ્યું કે, બાળકોને બચાવવા જરૂરી છે અને આ તરફ પગલાં ઉઠાવવા જરૂરી છે.

પીએમ મોદીએ બ્લેક ફંગસનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું કે, ‘‘આ બીમારીથી સતર્ક રહેવાનું છે અને એક્શન લેવાની છે. સંકટના આ સમયમાં જનતાની નારાજગી પણ સહન કરવી પડે છે, પરંતુ આપણે આપણા કામમાં લાગ્યા રહેવાનું છે અને તેમના દુઃખને ઓછું કરવાનું છે.’’ ઉલ્લેખનીય છે કે કોરોનાની બીજી લહેરની વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્થાનિક સ્તરના અધિકારીઓ સાથે સંવાદ કરી રહ્યા છે. વારાણસીના ડૉક્ટરોથી સંવાદથી પહેલા પીએમ મોદીએ ગત દિવસોમાં દેશના લગભગ ૧૦૦ જિલ્લાના ડીએમ સાથે સીધો સંવાદ કર્યો હતો.

# સંતરામપુર નગરના નાળ વિસ્તારમાં ઈકોગાડી પલ્ટી ખાઈ જતા બેઠેલા મુસાફરોને ગંભીર ઈજાઓ થઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં નાળ વિસ્તારમાં ઝાલોદ થી લુણાવાડા તરફથી જતી ઈકોગાડી સંતરામપુર નાળ વિસ્તાર પાસે ડ્રાઈવરની બેદરકારી અને સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ગાડીમાં પાંચ વ્યકિત બેઠેલા પલટી મારી જતા ખાડામાં પડી ગઈ હતી. પલટી મારતા બેઠેલા મુસાફરો બૂમ–બરાડા કરી મુકેલા હતા. આજુબાજુના રહીશો દોડીને આવીને મુસાફરોને બહાર કાઢવામાં આવેલા હતા. પાંચ મુસાફરોને નાની મોટી ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડ્રાઈવરની બેદરકારી અને બેરિંગ પરથી કાબુ ગુમાવતા ખાડામાં પડી હતી.

# દેશનાં છ-સ્થળોનો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજની યાદીમાં સમાવેશ

ન્યુ દિલ્હી,
યુનેસ્કોની વિશ્વની હેરિટેજની યાદીમાં ભારતનાં છ સ્થળો સામેલ કરવામાં આવ્યાં છે. કેન્દ્રીય સંસ્કૃતિપ્રધાન પ્રહલાદ સિંહ પટેલે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા વિશ્વ ધરોહર સ્થળોની સંભવિત યાદીમાં સામેલ કરવા માટે દેશનાં નવ સ્થળોનાં નામ મોકલવામાં આવ્યાં હતાં, જેમાં છ સ્થળોને સ્વીકૃતિ મળી છે.

યુનેસ્કોની વિશ્વની ધરોહર સ્થળોની સંભવિત યાદીમાં ભારતથી વારાણસીના ગંગા ઘાટ, તામિલનાડુનું કાંચીપુરમ મંદિર, મધ્ય પ્રદેશનું સતપુડા ટાઈગર રિઝર્વ, મધ્ય પ્રદેશના જબલપુરનું ભેડાઘાટ, મહારાષ્ટ્રના મરાઠા મિલિટરી આર્કિટેક્ચર અને કર્ણાટકના હીરા બેનાકલને જગ્યા મળી છે. આ છ સ્થળોની સંભવિત યાદીમાં સામેલ થયા પછી ભારતના યુનેસ્કો વિશ્વ ધરોહર યાદી માટે આપવામાં આવેલાં નામોની કુલ સંખ્યા ૪૮ની થઈ ગઈ છે. ૨૦૧૯ની ગાઇડલાઇન્સ અનુસાર કોઈ પણ સ્થળને યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરવા માટે એને સંભવિત સ્થળોની યાદીમાં સામેલ કરવામાં આવે છે. આ ગાઇડલાઇન પછી યુનેસ્કોની વિશ્વનાં ધરોહર સ્થળોની સંભવિત યાદીમાં હવે ભારતનાં ૪૮ સ્થળો સામેલ છે.

વર્ષ ૨૦૨૦માં મધ્ય પ્રદેશના ગ્વાલિયર અને ઓરછા શહેરોને યુનેસ્કોનાં વિશ્વ ધરોહર શહેરોની યાદીમાં સામેલ કરવામાં આવ્યાં હતાં.ઓરછા એક એવું સ્થાન છે, જ્યાં ભગવાન રામની પૂજા રાજા રામના રૂપમાં થાય છે. આ સિવાય ગુજરાતના અમદાવાદને યુનેસ્કોએ વિશ્વ હેરિટેજ સિટી જાહેર કર્યું છે. અમદાવાદ ભારતનું પહેલું એવું શહેર હતું, જેને વિશ્વ હેરિટેજ શહેર જાહેર કરવામાં આવ્યું હતું.

હાલમાં ભારતમાં ૩૮ વિશ્વ ધરોહર સ્થળ મોજૂદ છે. એને બે ભાગમાં વહેંચવામાં આવ્યા છે. એક સાંસ્કૃતિક અને બીજા પ્રાકૃતિક. વિશ્વભરમાં યુનેસ્કોની વિશ્વ હેરિટેજ સ્થળોની યાદીમાં ભારત છઠ્ઠા સ્થાને આવે છે.

# ભારતને ઓક્ટોબર-ડિસેમ્બરમાં S-400 મિસાઈલનો પહેલો જથ્થો મળશે

ન્યુ દિલ્હી,
રશિયાના સરકારી શસ્ત્ર નિકાસકાર રોસોબોરોનએક્સપોર્ટના એક મુખ્ય અધિકારીએ ગુરુવારે જણાવ્યુ કે ભારતને સપાટીથી હવામાં માર કરનારા વિમાન ભેદી અત્યાધુનિક એસ ૪૦૦ મિસાઈસ પ્રણાલીનો પહેલો જથ્થો રશિયાથી આ વર્ષના ઓક્ટોબર ડિસેમ્બરમાં મળી જશે. રોસોબોરોનએક્સપોર્ટના સીઈઓ એલેક્જેન્ડર મિખેયેવે ‘ઈન્ટરફેક્સ’ સમાચાર સમિતિથી કહ્યુ કે દરેક બાબતો નક્કી સમય પ્રમાણે ચાલી રહી છે.

તેમણે કહ્યું કે વિમાન ભેદી એસ ૪૦૦ મિસાઈલ પ્રણાલીયોનો પહેલો જથ્થો આ વર્ષે ઓક્ટોબર- ડિસેમ્બરમાં ભારતને મળી જશે. એક ૪૦૦ સપાટીથી હવામાં માર કરનારા લાંબા અંતરથી રશિયાથી સૌથી ઉન્નત મિસાઈલ રક્ષા પ્રણાલી છે. ટ્રાયમ્ફ મિસાઈલ પ્રણાલી ૪૦૦ કિલોમીટરના અંતરથી દુશ્મન વિમાનો, મિસાઈલો અને ત્યાં સુધી કે ડ્રોનને પણ નષ્ટ કરી શકે છે.

એજન્સીએ જણાવ્યું ભારતીય વિશેષજ્ઞ રશિયા પહોંચી ગયા છે અને તેમણે જાન્યુઆરી ૨૦૨૧માં એસ ૪૦૦ સંબંધી પ્રશિક્ષણ લેવાનું શરુ કરી દીધું છે. ઉલ્લેખનીય છે કે ઓક્ટોબર ૨૦૧૮માં ભારતે રશિયાની સાથે ૫ અરબ ડોલરમાં એસ ૪૦૦ વાયુ રક્ષા મિસાઈલ પ્રણાલીના ૫ એકમ ખરીદવાના કરાર કર્યા હતા. ભારતે આ કરાર અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસન દ્વારા પ્રતિબંધ લગાવવાની ધમકી છતાં કર્યા હતા. ભારતે આ મિસાઈલ પ્રણાલીને ખરીદવા માટે વર્ષ ૨૦૧૯માં ૮૦ કરોડનો પહેલો હપ્તો ચૂકવ્યો હતો.

# દે. બારીઆના ભુવાલ ગામે પત્નિ સાથેના આડાસંબંધે પતિએ યુવકને ગળાના ભાગે ઘા મારી હત્યા કરતાં ચકચાર

દે.બારીઆ,
દેવગઢ બારીઆ તાલુકાના ભુવાલ ગામે પત્નિ સાથે આડા સંબંધના ખોટા શક વહેમમાં પતિએ ગામમાંજ રહેતા એક યુવકને ગળાના ભાગે કોઈ હથીયારથી ઘા મારી મોતને ઘાટ ઉતારી દેતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ઘટના સ્થળે દોડી ગયેલ પોલીસે લાશનો કબજો મેળવી નજીકના દવાખાને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો છે અને આરોપીના ધરપકડાના ચક્રોગતિમાન કરી દીધા છે.

ભુવાલ ગામે રહેતો પ્રવિણભાઈ ગોપસીંગભાઈ પટેલે પોતાની પત્નિ સાથે ગામમાંજ રહેતો ૨૬ વર્ષીય બુધાભાઈ મગનભાઈ પટેલનો આડો સંબંધ હોવાનો ખોટા શક, વહેમ રાખતો હતો. ત્યારે ગત તા.૨૦મી મેના રોજ પ્રવિણભાઈએ બુધાભાઈને ગળાના ભાગે કોઈ ધારદાર હથિયાર ફેરવી દઈ ઘટના સ્થળ પર મોતને ઘાટ ઉતારી દેતાં લોહીથી લથબથ હાલતમાં બુધાભાઈ સ્થળ પરજ ઢળી પડ્યાં હતાં અને મોતને ભેટ્યાં હતાં. ઘટનાને અંજામ આપી પ્રવિણભાઈ નાસી ગયો હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે ઘટનાને પગલે યુવકના પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. આ ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી.

આ સંબંધે મૃતક બુધાભાઈના પિતા મગનભાઈ ભુરાભાઈ પટેલે પ્રવિણભાઈ ગોપસીંગભાઈ પટેલ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દૈનિક રાશીફળ

**તા.૨૨.૦૫.૨૦૨૧ શનિવાર**

મેષ (અ.લ.ઈ.) :- પરિવારના સભ્યો સાથે ગેર સમજોથી જાળવવું વાણી ઉપર કાબુ જરૂરી, નોકરીમાં પ્રમોશનના ચાન્સ.

વૃષભ (બ.વ.ઉ.) :- મિત્રો સાથે પાર્ટીનું આયોજના થાય વિજાતીય મિત્રતા ગાઢ બની વિદેશ જવાની ઈચ્છામાં સફળતા.

મિથુન (ક.છ.ઘ.) :- નોકરીમાં પ્રશંસા મલવાની આત્મવિશ્વાસ કેળવવો બચતની ઈચ્છા ફલે. રાજકીય લાભ અચાનક મલે.

કર્ક (ડ.હ.) :- નવી ભાગીદારો યોજનામાં કોઈ ઉતાવળ ન કરવી નોકરીમાં સ્થિરતાથી લાભ માતાનો સહકાર રહે.

સિંહ (મ.ટ.) :- લખાણ કે દસ્તાવેજોના કાર્યોમાં અનુકુળતા રહે. સંતાનોની સગાઈ લગ્નના કાર્યોમાં સફળતા રહે.

કન્યા (પ.ઠ.ણ.) :- નોકરીમાં અધિકારી વર્ગ સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખવું સ્વાસ્થ્ય બાબત બેદરકારી ટાળવી.

તુલા (ર.ત.) :- પરિવારના વડીલ વર્ગનો સાથે સહકાર મેળવજો યુવાવર્ગને પ્રિયપાત્ર સાથે ગેર સમજો ન થાય તેનું ધ્યાન રાખવી.

વૃશ્ચિક (ન.ય.) :- મહેતનું ફળ મલવાનું છે આવકની સાથે ખર્ચ પણ રહેવાનો વ્યવસાયને લઈને પ્રવાસ થાય ઉધારીથી જાળવવું.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- નવી ખરીદી બાબત જાળવવું નોકરીમાં રોજીંદા કાર્યોને વળગી રહેજો મિત્ર વર્તુળનો સહકાર સારો રહે. કર્જ ન કરવું.

મકર (ખ.જ.) :- નવા રોકાણની ઈચ્છા ફળવાની ઉન્નતિ કારક સમય રહેવાનો અધિકારી વર્ગનો સહકાર રહેવાનો સ્વાસ્થ્ય જાળવવું.

કુંભ (ગ.શ.સ.) :- મિલ્કતના પ્રશ્નોને લઈને ટેન્સન રહેવાનું પ્રવાસમાં બેદરકારી ન રાખવી શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહેશે.

મીન (દ.ચ.ઝ.) :- નવો પરિચય લાભ દાયક રહેશે. દસ્તાવેજોના કાર્યમાં સફળતા રહે નવી નોકરી બાબત કોઈ ઉતાવળા નિર્ણયો ન લેવા.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૫૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો




દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે કોરોનાના કુલ ૫૯ પોઝીટીવ કેસો નોંધાયાં છે. બીજી તરફ આજે કોરોનાથી એક પણ મોત ન થતાં જિલ્લાવાસીઓ સહિત આરોગ્ય તંત્રએ રાહતન અનુભવી છે. ત્યારે આજે એકસાથે ૬૫ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

દાહોદ જિલ્લામાં કોરોનાના કેસોમાં સંદતર ઘટાડો જોવા મળી રહ્યો છે. આંશિક લોકડાઉન અને વેપાર, ધંધા, મેળાવડા તેમજ સામાજીક પ્રસંગો પર લગાવવામાં આવેલ રોકના નિર્ણયોનું સારૂ પરિણામ જોવા મળી રહ્યું છે સાથે સાથે કોરોના સંક્રમણની ગંભીરતાને દયાનમાં રાખી જિલ્લાવાસીઓ પણ જાગૃત બન્યાં છે ત્યારે આજે દાહોદ જિલ્લામાં ૫૯ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આરટીપીસીઆરના ૮૨૦ પૈકી ૩૨ અને રેપિટ ટેસ્ટના ૮૮૧ પૈકી ૨૭ મળી ૫૯ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યાં છે. આ ૫૯ પૈકી દાહોદ અર્બનમાંથી ૧૪, દાહોદ ગ્રામ્યમાંથી ૦૭, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૪, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૫, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૬, લીમખેડામાંથી ૦૧, સીંગવડમાંથી ૦૩, ગરબાડામાંથી ૦૮, ધાનપુરમાંથી ૦૨, ફતેપુરામાંથી ૦૭ અને સંજેલીમાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં આજે એકપણ કોરોનાથી મૃત્યુ ન થતાં જિલ્લાવાસીઓ સહિત જિલ્લા વહીવટી તંત્રએ રાહત અનુભવી છે. એક્ટીવ કેસોની વાત કરીએ તો દાહોદ જિલ્લામાં ૪૭૧ લોકો હાલ કોરોનાની સારવાર લઈ રહ્યાં છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૬૯૫૭ ને પાર થઈ ચુંક્યો છે.

**દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા**

| |
|---|
| : અર્બન વિસ્તારો : |
| દાહોદ-૧૪ |
| દે.બારીઆ-૦૫ |
| : ગ્રામ્ય વિસ્તારોમાં : |
| દાહોદ-૦૭ |
| ઝાલોદ-૦૪ |
| દે.બારીયા-૦૬ |
| લીમખેડા-૦૧ |
| સીંગવડ-03 |
| ગરબાડા-૦૮ |
| ધાનપુર-૦૨ |
| ફતેપુરા-૦૭ |
| સંજેલી-૦૨ |

# દાહોદમાં કોરોના ને બીજી લહેરમાં ૩૩ દિવસના મિની લોકડાઉન બાદ બજારો પુનઃ શરૂ થતાં બજાર બજારમાં રોનક આવી

દાહોદ,
ગુજરાત સરકાર દ્વારા આજે ૨૧મી મેના રોજથી કેટલાક જિલ્લાઓમાં આંશિક છૂટછાટ આપવાના નિર્ણય સાથે દાહોદ જિલ્લામાં આજથી સવારના ૧૦ થી બપોરના ત્રણ વાગ્યા સુધી વેપાર – ધંધા તેમજ વાણિજ્ય પ્રવૃત્તિઓ ચાલુ રાખવાના નિર્ણય વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે આજે વહેલી સવારથી જ દાહોદ શહેરમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી. ખાસ કરીને વહીવટી તંત્ર દ્વારા હાલ પણ કોરોના સંદર્ભે લોકોએ ફરજિયાત માસ્ક, સેનેટાઈઝર તેમજ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવાનું અપીલ કરવામાં આવેલ છે. દાહોદ શહેર સહિત જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના કેસોમાં ઘટાડો પણ જોવા મળી રહ્યો છે તેને પગલે જિલ્લાવાસીઓએ તેમજ વહીવટી તંત્રએ પણ રાહતનો દમ લીધો છે.

એપ્રિલના પહેલા અઠવાડિયાથી શરૂ થયેલી કોરોનાની બીજી લહેરે દાહોદ શહેર સહિત જિલ્લામાં હાહાકાર મચાવી નાખ્યો હતો. કોરોનાની અતિ જીવલેણ સાબિત થયેલી કોરોનાની બીજી લહેરમાં ઘરે–ઘરે બિમારીના ખાટલા થઈ ગયા હતા. તેમજ આ મહામારીમાં મૃત્યુઆંકમાં પણ તોતિંગ વધારો થતાં દાહોદના મુક્તિધામમાં દરરોજ ૨૫થી ૩૫ જેટલાં મૃતદેહોના અંતિમ સંસ્કાર થઈ રહ્યા હતા. જોકે એક તબક્કે રેકોર્ડબ્રેક એક જ દિવસમાં ૪૫ જેટલા મૃતદેહના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જેને લઈને દાહોદ શહેર સહિત જિલ્લામાં ભયની સાથે ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. ૧૮મી એપ્રિલથી દાહોદ નગરપાલિકા તેમજ વહીવટી તંત્રે પ્રાથમિક ત્રણ દિવસનું મીની લોકડાઉનની જાહેરાત કરી હતી. જોકે કોરોનાના કેસોએ દૈનિક સદી નોંધાવવાનો સિલસિલો શરૂ કરી દેતા એક તબક્કે તો કોરોનાની સમીક્ષા બેઠક લેવા રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ આરોગ્ય સચિવ સહિતના અધિકારીઓ દાહોદ દોડી આવ્યા હતા. ત્યારે આ સમયગાળા દરમિયાન લોકડાઉનની અવધિમાં વધારો થતાં તેમજ રાજ્ય સરકાર દ્વારા જારી કરતાઆવશ્યક ચીજવસ્તુઓ સિવાયની તમામ પ્રવૃત્તિઓ દાહોદના બંધ થઈ જવા પામી હતી.ત્યારે હાલ કોરોનાની બીજી લહેર શાંત થતાં કોરોનાના કેસોમાં મહત્તમ ઘટાડો નોંધાતા કોરોનાનો ગ્રાફ ધીરે ધીરે નીચે જવા પામ્યો છે.તેમજ સાથે સાથે દર્દીઓનો રિકવરી રેટ પણ ઉંચો જવા પામ્યો છે. તેવા સંજોગોમાં રાજ્ય સરકારે લોકડાઉનના ૩૩ દિવસ બાદ વેપારીઓના હિતને દયાનમાં લઈ કોરોના ગાઇડલાઇનના શરતોને આધીન સવારના ૯ થી બપોરના ૩ વાગ્યાં સુધી વાણિજ્ય પ્રવૃત્તિઓમાં છૂટછાટ આપતા દાહોદના બજારો આજથી કોનો ધમધમતા થતાં બજારમાં રોનક જોવા મળી હતી.

# દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણને રોકવા કલેક્ટરએ વિવિધ નિયંત્રણો તા.૨૮ મે સુધી લંબાવ્યા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણને અટકાવવા માટે લાગુ કરવામાં આવેલા નિયંત્રણો આગામી તા. ૨૮ મે સુધી લંબાવવામાં આવ્યા છે. કલેક્ટર વિજય ખરાડી દ્વારા તા. ૨૧ મે થી લાગુ કરવામાં આવેલા જાહેરનામા મુજબ આ સમયગાળા દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓ, કોચિંગ સેન્ટરો, સિનેમા, થિયેટરો, ઓડિટોરિયમ, એસેમ્બલી હોલ, વોટર પાર્ક, જાહેર બગીચાઓ, મનોરંજક સ્થળો, સલુન જીમ, સ્પા, સ્વિમિંગ પુલ બંધ રહેશે.

આ ઉપરાંત લગ્ન પ્રસંગમાં મહત્તમ ૫૦ વ્યકિતની હાજરીની મંજૂરી તેમજ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર નોંધણી પણ અનિવાર્યપણે કરવાની રહેશે. અંતિમક્રિયા–દફનવિધિમાં મહત્તમ ૨૦ વ્યકિતઓની મંજૂરી રહેશે. સરકારી, અર્ધસરકારી, બોર્ડ કોર્પોરેશન, બેન્ક, વગેરે તેમજ તમામ પ્રકારની ખાનગી ઓફિસોમાં કર્મચારીઓની સંખ્યા ૫૦ ટકા સુધી રાખવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઈ લાગુ નહી પડે.

તમામ પ્રકારના રાજકીય, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, કાર્યક્રમો, મેળાવડાઓ સદંતર બંધ રહેશે. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટસ કોમ્પલેક્ષ–સ્ટેડિયમ, સંકુલમાં રમત ગમત ચાલુ રાખી શકાશે. તમામ ધાર્મિક સ્થાનો જાહેર જનતા માટે બંધ રહેશે. દૈનિક પૂજાવિધિ સ્થાનિક પૂજારીએ કરવાની રહેશે. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટમાં મહત્તમ ૫૦ ટકા પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે. અન્ય રાજયમાંથી ગુજરાતમાં પ્રવેશતા મુસાફરોએ આરટીપીસીઆર ટેસ્ટ કરાવવાનો રહેશે. તમામ વ્યક્તિઓએ કોરોના સંબધિત માસ્ક, સામાજિક અંતર સહિતના નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

# દાહોદમાં જુની અંજુમન હોસ્પિટલને કોવિડ સેન્ટર માટેની મંજુર રદ કરી

દાહોદ,
દાહોદ શહેરમાં આવેલ વર્ષો જુની અને હાલ બંધ પડેલી હાલતમાં રહેલી અંજુમન હોસ્પિટલમાં કોવિડ કેર સેન્ટર શરૂ કરવા માટે હોસ્પિટલના સત્તાધીશો દ્વારા દાહોદ જિલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલ જુની અને જર્જરીત હાલતમાં હોઈ મરામત કરાવેલ ન હોવાથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ રજુઆતને ગ્રાહ્ય રાખવામાં આવી ન હતી. પાલિકા દ્વારા જે તે સમયે અંજુમન હોસ્પિટલના સત્તાધીશોને હોસ્પિટલની મરામત અથવા તો નીચે ઉતારી લેવા પણ નોટીસ આપવામાં આવી હતી પરંતુ જે તે સમયે નોટીસને દયાનમાં લેવામાં આવી ન હતી. કોરોના કાળમાં દાહોદ અંજુમન હોસ્પિટલમાં કોરોના દર્દીઓ માટે કોવિડ કેર સેન્ટર શરૂ કરાવવા માટે અંજુમન હોસ્પિટલના સત્તાધીશો દ્વારા દાહોદ જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હોસ્પિટલની મુલાકાત સહિત પરીક્ષણ કરતાં તેમજ આ હોસ્પિટલ જર્જરીત અને જુની હોય તેમજ ઈમારત ખુબજ જર્જરીત હોવાનું માલુમ પડ્યું હતું અને આવી હોસ્પિટલમાં દર્દીઓના જીવ ગમે ત્યારે જોખમમાં જણાતાં તે ઉપરાંત દાહોદ નગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૬માં આ ઈમારતને ડિસ્ટમેન્ટલ કરવા માટે હોસ્પિટલના સત્તાધિશોને આપેલી નોટીસને દયાને રાખીને ંગણી નામંજુર કરવામાં આવી હતી.

# ધાનપુરના ભોરવા ગામે જમીનની અદાવતે બે ઈસમોએ ત્રણ વ્યકિતને મારમારતાં ત્રણ પૈકી એકનું મોત થતાં ચકચાર

દાહોદ,
ધાનપુર તાલુકાના ભોરવા ગામે ખેતરની બાબતની જુની અદાવત રાખી બે જેટલા ઈસમોએ એક મહિલા સહિત ત્રણ જણાને માર મારતાં ત્રણ પૈકી એકને છાતીના ભાગે પથ્થરો તેમજ ગડદાપાટ્ટુનો માર મારી મોતને ઘાટ ઉતારી દેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ધાનપુર તાલુકાના ભોરવા ડોઝગર ગામે મેડા ફળિયામાં રહેતાં કલાભાઈ મનીયાભાઈ તંબોળીયા અને પરસુભાઈ મનીયાભાઈ તંબોળીયાએ ગત તા.૨૦મી મેના રોજ પોતાના જ ગામમાં રહેતાં રેખાબેન મગનભાઈ નરસીંગભાઈ તંબોળીયાના ઘરે આવ્યાં હતા અને બેફામ ગાળો બોલતાં હતા. રેખાબેન અને તેમના પિતા મગનભાઈ તથા પરિવારના સદસ્યો ઉકરડામાંથી ખાતર કાઢતાં હતા અને ખાતર થોડુ ઉકરડાની બાજુમાં આવેલ કલાભાઈ અને પરસુભાઈના ખેતરમાં પડી ગયું હતું. જે અંગેની અદાવત રાખી રેખાબેન અને મગનભાઈ પાસે આવી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને કલાભાઈ અને પરસુભાઈએ મગનભાઈની ખેંચતાણ કરી તેઓને પથ્થરો વડે છાતીના ભાગે માર મારી અને ગડદાપાટ્ટુનો માર મારી મોતને ઘાટ ઉતારી દીધા હતા. ત્યારે રેખાબેન અને નન્નુભાઈ ધનાભાઈ તંબોળીયાને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવી નાસી જતાં આ સંબંધે મગનભાઈની પુત્રી રેખાબેન દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ પાલિકામાં થયેલ કરોડોના કૌભાંડની તપાસનો ધમધમાટ શરૂ થયો

દાહોદ,
દાહોદ નગર પાલિકામાં થયેલ કરોડો રૂપિયાના કૌભાંડની તપાસનો ધમધમાટઃમ્યુન્સિપાલિટી એડમિનિસ્ટ્રેશન કચેરીના કમિશ્નરે કર્યો આદેશ સબંધિત કચેરીને જાણ કરી સમગ્ર મામલે તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરાવી કામગીરીનો અહેવાલ અરજદારને આપવા પ્રાદેશિક કમિશનર કચેરીએને હુકમ કરાયો.

દાહોદ નગરપાલિકા હસ્તકના વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ(ડમ્પીંગ યાર્ડ)ના બાંધકામ સહિતના કામોમાં તત્કાલીન ચીફ ઓફિસર દ્વારા આચરેલ કરોડો રૂપિયાના કૌભાંડના મામલામાં ઉચ્ચ સ્તરેથી તપાસનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.જેમાં કાલે ચીફ ઓફિસર તેમજ તેમના મળતિયાઓ ફરતે કાયદાનો ગાળીયો કસાતો જોવા મળી રહ્યો છે. સમગ્ર મામલામાં જાગૃત નાગરિકની રજૂઆત તેમજ રજુ કરેલ જડબેસલાક પુરાવાઓનો બારીકાઈથી નિરીક્ષણ બાદ નગરપાલિકાના કામોમાં કૌભાંડ થયાંની ગંભીર નોંધ સાથે મુખ્યમંત્રી કાર્યાલયના નિર્દેશો બાદ આ સમગ્ર મામલામાં મુખ્ય સચિવે તપાસના આદેશ પહેલા જ આપી દીધા છે. તેમજ આ મામલાની તપાસમાં વિજિલન્સ સહીત અન્ય તપાસ એજેન્સીઓ પણ સામેલ થઈ ચુકી છે. આ મામલામાં ઉપલા લેવલથી ઓડિટ પણ કરવામાં આવ્યું છે. ત્યારે વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરીએ દાહોદ નગર પાલિકાના ચીફ ઓફિસરને એક પત્ર પાઠવી અરજદાર દ્વારા કરવામાં આવેલી અરજીના સંદર્ભમાં કરેલ કાર્યવાહીનો સમગ્ર અહેવાલ સાત દિવસમાં અત્રેની કચેરીએ રજુ કરવા આદેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ અઠવાડિયામાં મ્યુનિસિપાલીટી એડમિનિસ્ટ્રેશન કચેરી ગાંધીનગરના કમિશ્નરે, નગરપાલિકા પ્રાદેશિક કમિશ્નર વડોદરા ને લેખિતમાં પત્ર મોકલ્યો છે. જેમાં તેઓએ જણાવ્યું છે. કે દાહોદ નગરપાલિકાના થયેલા કથિત કૌભાંડમાં આગામી ૧૫ દિવસમાં સંબંધિત વિભાગોને નિયમોનુસાર જાણ કરી સમગ્ર મામલે ટાટા તને નિયમોનુસાર તપાસ હાથ ધરી, કરેલ કાર્યવાહીનો સમગ્ર અહેવાલ અરજદારને આપવા હુકમ કરાયો છે. ત્યારે દાહોદ નગરપાલિકામાં થયેલ કથિત કૌભાંડમાં દુધનું દુધ અને પાણીનું પાણી થવાનો અણસાર જોવા મળી રહ્યો છે.

# દે.બારીયાના ભે દરવાજા વિસ્તારમાં પીવાના પાણીની પાઈપ લાઈનનું સમારકામ ન થતાં વાહન ચાલકો પરેશાન


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
દે.બારીયા નગર પાલિકાના ભે દરવાજાની બાજુના સાંકડા રસ્તા ઉપર પાણીની પાઈપ લાઈનના સમારકાર્ય કરવા માટે મસમોટું ખાડો ખોદી નાખતા અવરજવર કરતા વાહનોને પારાવાર ટ્રાફિકજામના દ્રશ્યો અને મુશ્કેલીઓનો સામનો વેઠવાનો વારો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભે દરવાજાની બાજુના સાંકડા રસ્તા ઉપર પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ પડતા તે પાઈપનું સમારકાર્ય માટે નગર પાલિકાના પાણી પુરવઠા શાખાના દ્વારા ખોદકામ કરી પાણીની જે લીકેજ હતી. તેનું સમારકાર્ય કરી દેવાતા લીકેજમાનું પાણી વેડફાતા તો બંધ થયું પરંતુ બકરું કાઢતા ઉંટ પેઠું તેવા ભે દરવાજા રોડનો ટ્રાફિકનો હાલ છે. જે ખાડો ખોદવામાં આવ્યો હતો. તેનું પુરણકાર્ય અધુરું રાખવામાં આવતાં ટ્રાફિકના દ્રશ્યો જોવા મળે છે. આ રોડ માર્ગ અને મકાનનો ધોરી માર્ગ છે. જેના દ્વારા પાવાગઢ, વડોદરા તરફ અને છોટાઉદેપુર, બોડેલી તરફ જવા માટે હજારો વાહનો અવરજવર કરતા હોય છે. આ મસમોટા ખાડાના કારણે ટ્રાફિક જામ વારંવાર ખોદેલા ખાડાને મેટલ અને માટીના નાખી પુરવામાં આવે આ ખાડાને દસ થી પંદર દિવસ થવા આવ્યા હોવા છતાં પુરવામાં કેમ આવતું નથી. દુર્ઘટના સર્જાયા પહેલા ખાડાનું પૂરણ કરવામાં આવે તેવું વાહન ચાલકો અને રાહદારીઓમાં માંગ ઉઠવા પામી છે.

# ફતેપુરા તાલુકાના નીંદકાપૂર્વમાં મહિલાની હત્યા કે કુદરતી મોત ? ઘુંટાતું રહસ્ય

- મૃતક મહિલાના પરિવારજનો દ્વારા બીમારીના કારણે મોત નીપજ્યું હોવાનું બયાન.
- મૃતક મહિલાના પિયરીયાઓએ હત્યાની આશંકા વ્યક્ત કરતા પેનલ પી.એમ કરાયું.
- મૃતક મહિલાને માથામાં ડાબી બાજુ ઈજાના કારણે મોત નિપજ્યુ હોવાનું પી.એમ કરનાર તબીબનું પ્રાથમિક તારણ.

ફતેપુરા,
ફતેપુરા તાલુકામાં ચાલુ માસ દરમિયાન અનેક લોકો બીમારીના કારણે મોતને ભેટ્યા છે.જ્યારે કેટલાક બનાવોમાં શંકાસ્પદ મોત થવાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. જેમાં આજરોજ નીંદકાપૂર્વ ગામની ૪૫ વર્ષીય મહિલાનું મોત નિપજતા પિયરિયાઓ દ્વારા મહિલાની હત્યા થઈ હોવા બાબતની આશંકા વ્યક્ત કરતા પેનલ પી.એમ દરમિયાન મૃતક મહિલાને માથામાં ડાબી બાજુ ઈજાના કારણે મોત નીપજ્યું હોવાનું બહાર આવવા પામેલ છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના વિક્રમભાઈ તેરસીંગભાઈ મહિડા રહે.નીંદકાપૂર્વ (આમલીખેડા ફળીયા)નાએ સુખસર પોલીસ સ્ટેશનમાં ગુરૂવાર રાત્રીના સાડા બાર વાગ્યાના અરસામાં જણાવેલ કે, પોતાની માતા વનીતાબેન તેરસીંગભાઈ લાલાભાઈ મહીડા ઉ.વ. ૪૫ નાઓને તાવ આવતાં દવાખાનામાં દવા સારવાર કરાવેલ હતી.અને સારવાર કરાવવા છતાં આરામ નહિ થતા કુદરતી રીતે મરણ ગયેલ હોવાની વિગત જણાવી જાણવાજોગ નોંધ કરાવી હતી.

ત્યારબાદ મૃતક મહિલા વનીતાબેનના વાંકાનેર ગામે રહેતા પિયરિયાઓ દ્વારા આમલીખેડા ગામે જઈ તપાસ કરતા મૃતક મહિલાનું મોત કુદરતી રીતે નહીં પરંતુ તેની હત્યા કરવામાં આવી હોવા બાબતે આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.જેથી સુખસર પોલીસે લાશને સુખસર સરકારી દવાખાનામાં પી.એમ અર્થે મોકલવાનો નિર્ણય કર્યો હતો. મૃતક મહિલાના પીએમ દરમિયાન પોલીસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. જ્યારે આજરોજ સુખસર સરકારી દવાખાનામાં મૃતક મહિલાનું પેનલ પી.એમ કરાતા મહિલાને માથામાં ડાબી બાજુ થયેલી ઈજાના કારણે મોત નિપજ્યુ હોવાનું પી.એમ કરનાર તબીબ દ્વારા પ્રાથમિક તારણ આપવામાં આવ્યું છે. જોકે બીમારીના કારણે મોત નિપજ્યુ હોયતો મૃતક મહિલાને માથામાં ઈજા કેવી રીતે થઈ ? અને હત્યા કરવામાં આવી હોય તો કોણે અને કયા કારણોસર કરી? હાલ તો આ પ્રશ્નો નિરૂત્તર છે.પરંતુ સુખસર પી.એસ.આઇ એન.પી.સેલોત દ્વારા ઝીણવટપૂર્વક તપાસ ચલાવાઈ રહી હોવાનું જાણવા મળે છે.

# સંજેલી ઝુંસા ખાતે કૂવામાં ખાબકેલ નિલ ગાયનું રેસ્ક્યુ કરીને હેમખેમ બહાર કાઢી



સંજેલી,
સંજેલી ખાતે આવેલ ઝુંસા મુકામે નિશાળ ફળિયામાં નિલગાય ખાબકી હોવાની માહિતી સંજેલી વનવિભાગને જાણ કરવામાં આવી હતી. સંજેલી વનવિભાગના RFO રાકેશ વણકર કાફલા સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ૫ કલાકના ઓપરેશન બાદ આખરે નીલગાયને હેમખેમ બહાર કાઢી હતી. વનવિભાગના કર્મીઓએ જીવના જોખમે રેસ્ક્યુ હાથ ધરી નીલગાયને બચાવી હતી. સ્થાનિક લોકોનું કહેવું હતું કે કૂવામાં સાપ ઝેરી જાનવરો પણ રહે છે.

સંજેલી તાલુકો ડુંગરાળ, જંગલ વિસ્તારમાં ફેલાયેલ તાલુકો છે, ત્યાં આસપાસના વિસ્તારોમાં અમુક હદે સુરક્ષિત દીવાલો વિનાના કુવાઓ છે, જેના કારણે પશુઓ, પ્રાણીઓ પડી જવાના બનાવો બનતા હોય છે. સંજેલી તાલુકામાં આવેલ ઝુંસા મુકામે ખાનગી કૂવામાં નિલગાય કૂવામાં પડી હોવાની માહિતી સંજેલી વનવિભાગને જાણકારી આપી હતી. ત્યારે સંજેલી રેન્જ ફોરેસ્ટ ઓફીસર રાકેશ વણકર સહિતની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ભારે જહેમત બાદ નિલગાયને રેસ્ક્યુ કરીને હેમખેમ બહાર કાઢવામાં સફળતા નીવડી હતી.

ઝુંસા ખાતે નિશાળ ફળિયામાં જંગલ નજીક આવેલા માલિકીના કૂવામાં નિલગાય ખાબકી હોવાની માહિતી મળતા સંજેલી RFO રાકેશ વણકરની ટીમ ઘટના સ્થળે જઈને રેસ્ક્યુ કામગીરીમાં જોતરાય ગઈ હતી. વન કર્મચારી નિલેશ કલાસવા, હિતેશ પરમાર, દલપતભાઈ કૂવામાં ખાબકેલી નિલગાયને બચાવવા કૂવામાં ઉતરી રેસ્ક્યુ કામગીરીમાં જોતરાય ગયા હતા. પાંચ કલાકની ભારે જહેમત બાદ કુવામાંથી સુરક્ષિત રીતે નીલગાયને બહાર કાઢી હતી. નીલગાય ખાબકી હોવાની વાત વાયુવેગે ગામના પ્રસરતા નીલગાયને જોવા માટે લોકો દોડી આવ્યા હતા.

# દાહોદમાં કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા



દાહોદ,
તા.૨૧.૫.૨૦૨૧ ના રોજ દેશના પૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીજીની ૩૦ મી પૂર્ણતીથી હોય તે નિમિતે દાહોદ કોંગ્રેસ સમિતિ દ્વારા ઝાયડસ હોસ્પિટલ ની બહાર રેન બસેરા માં પૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીજીને શ્રદ્ધાજલી અર્પણ કરવામાં આવી ને દાહોદના ઝાયડસ હોસ્પિટલમાં કોરોનાં ની સારવાર લઈ રહેલા દર્દીઓના પરિવાર ને તેમજ દર્દીઓને ફ્રુટ, પાણીની બોટલો તેમજ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું. સાથે સાથે દાહોદના રેલ્વે હોસ્પીટલ, અર્બન હોસ્પિટલ અને ઝાયડસ હોસ્પીટલમાં કોરોનાં વોરિયર્સ ડોકટરો સ્ટાફગણને સમ્માનિત કરવાનો કાયક્રર્મ દાહોદ કોંગ્રેસ સમિતિ દ્વારા યોજવામાં આવ્યું હતું. જેમાં દાહોદના કોંગ્રેસના કાર્યકરો નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 229

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરાની એપેક્ષ લેબોરેટરીના ગોરખધંધા : દર્દી મોકલનાર ડોકટરને ૪૦ ટકા કમીશન





ડૉ.ભાવિક શાહ


ડૉ.મોબીન અલવાણી

ગોધરા,
ગોધરા શહેરના નગર પાલિકા રોડ ઉપર આવેલ એપેક્ષ લેબોરેટરીના ભાવ વધારા વિશે છેલ્લા એક સપ્તાહ થી ચર્ચાનો વિષય બન્યો છે. તબીબો દ્વારા લેબોરેટરીમાં લોહી તપાસ માટે મોકલવામાં આવતાં દર્દી પેટે ૪૦ ટકા જેટલું તગડું કમીશન આપવામાં આવી રહ્યું છે.

ગોધરા શહેર નગર પાલિકા રોડ ઉપર આવેલ એપેક્ષ લેબોરેટરીના મનમાન્યા ભાવ વધારાની ચર્ચા છેલ્લા એક સપ્તાહ થી સોશ્યલ મીડીયામાં ચર્ચાનો વિષય બન્યો છે. લેબોરેટરીના ડાૅ. મોલીન અલવાણી અને ડાૅ. ભાવિક શાહ સંચાલિત વિવાદમાં ફસાઈ છે. ગોધરા શહેરના તબીબો દ્વારા આ લેબોરેટરીમાં જે દર્દીને મોકલવામાં આવે છે. તે એક દર્દી પૈકી ૪૦ ટકા જેટલું તગડું કમીશન તબીબને આપવામાં આવી રહ્યું છે. એપેક્ષ લેબોરેટરી દ્વારા ઊંચા કમીશનની લાલચ આપીને તબીબોને દર્દીને પોતાની લેબમાં મોકલી આપવા માટે પ્રોત્સાહિત કરે છે. એપેક્ષ લેબોરેટરી દ્વારા દર્દીઓની મજબુરીનો ફાયદો ઉઠાવીને ચલાવાતી ઉઘાડી લુંટને ઉઘાડો પાડવા માટે વેબ પોર્ટલ ન્યુઝ ચેનલ દ્વારા સ્ટીંગ કરવામાં આવ્યું હતું. જેમાં લેબોરેટરીના સંચાલક ડાૅક્ટર દ્વારા દર્દીને લોહી તપાસ માટે મોકલી આપવા માટે આપવામાં આવતાં તગડા કમીશનનો ખુલાસો થયો છે. એપેક્ષ લેબોરેટરી દ્વારા ચલાવતા નાણા કમાવાનો કીમીયો નરભક્ષી જાનવરને શરમાવે તેવો છે. ત્યારે હવે જોવાનું રહે છે કે કમાવા માટે આંધળી દોડ મુકતાં આવા લેબોરેટરી તબીબો કેટલા દિવસો સુધી દર્દીઓની લુંટ ચલાવી શકે છે.

## લેબોરેટરી દ્વારા રિપોર્ટના વધુ રૂપીયા લેવાના આક્ષેપો અગાઉ પણ થયેલ છે

ગોધરા શહેર ખાતે આવેલ એપેક્ષ લેબોરેટરી દ્વારા કોવિડ પોઝીટીવના રિપોર્ટના ૩૨૦૦ રૂપીયા લેવામાં આવી રહયા છે. ત્યારે બીજી બાજુ અન્ય લેબોરેટરીમાં ૨૦૦૦ રૂપીયા લેતાં હોવાનું બહાર આવ્યું છે. આ અંગે સામાજીક કાર્યકર્તા દ્વારા અગાઉ પણ રજુઆત કરવામાં આવી હતી. વધુ રૂપીયા લઈ ડાૅકટરોને ૪૦% જેટલું કમીશન આપતી આ લેબોરેટરી સામે શું કાર્યવાહી થાય છે. તે જોવાનું રહ્યું.

## કોરોના વોરીયર્સની છબીને ખરાબ કરતી આ લેબોરેટરી

આ કમીશન બાજીના ભૂંડા ખેલમાં ગોધરાના જુજ ડાૅકટરોને બાદ કરતા મોટાભાગના ડાૅકટરો કમીશનની માયાજાળમાં ફસાયેલા છે. જ્યારે ગોધરા શહેરમાં મુસ્લીમ વિસ્તારના દર્દીઓને ધરાર એપેક્ષ લેબોરેટરીમાં તપાસ કરાવાની ફરજ પાડતા તબીબોની પોલ પણ ઉઘાડી પડી ગઈ છે.

એક તરફ દેશમાં ડાૅકટરોમાં કોરોનાકાળની મહામહેનત અને બલીદાનને લઈ પ્રજા કોરોના વોરીયર્સ જેવા સન્માનનિય શબ્દોથી નવાજે છે. ત્યારે ગોધરા કમીશન બાજ તબીબો એ તબીબી ધર્મને લાંછન લાગે તેવું કૃત્ય કર્યુ છે.

હવે જોવાનું રહ્યું કે, આ બાબતે સરકાર કઈ દિશામાં આગળ વધી તપાસના ચક્રોગતિમાન કરશે તે જોવાનું રહ્યું.

# વેજલપુર ગ્રામ વિસ્તારમાં આવેલ જોડિયા કુવાનો CC રોડ માત્ર કાગળ ઉપર


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,
કાલોલ તાલુકાના વેજલપુર ગામ વિસ્તારમાં આવેલ જોડિયા કુવામાં અમરસિંહ નાયકના ફળીયામાં સી સી રોડનું કામ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ યોજના હેઠળ કામ મંજુર કરવામાં આવ્યું હતું અને તે સ્થળ ઉપર કામ ચાલુ હોય તેમ ઓનલાઇન બતાવીને કેટલાક જોબકાર્ડ ધારકોના ખાતામાં રૂપિયા નાખી ને ચાવ કરી દીધા હોય તેમ લાગી રહયું છે. મનરેગા વિભાગના અધિકારીઓ આંખે પાટા બાંધીને આડેધડ કામો કરતા હોય તેમ લાગે છે. કારણ કે, કોઈપણ જગ્યા ઉપર પહેલા જીયો ટેક કરવાનું હોય છે અને પછી સ્થળ ઉપર કામ કરવાનું હોય અને કામ પૂર્ણ થયા પછી ફોટોગ્રાફ અને મટીરીયલના બીલો મુકવાના હોય છે. ત્યાર પછી કામોના રૂપિયા મંજૂર થાય છે. ત્યારે અત્યારના હાલના મનરેગાના અધિકારીઓ આડેધડ મસ્ટરમાં હાજરી પુરીને જોબકાર્ડ ધારકોમાં કામ કર્યા વગર રૂપિયા નાખીને મોટામાં મોટા કૌભાંડ કરવામાં આવી રહયા છે અને અધિકારીઓ દ્વારા સ્થળ ઉપર જઈને નિરક્ષણ કરવામાં આવતું નથીઉ જેથી ઉપલા અધિકારીઓને ગુલાબી રંગની નોટોનો પ્રસાદ મલી જતો હોય તેમ લાગે છે. જો અગર ઉપલા અધિકારીઓને ગુલાબી નોટોનો પ્રસાદ ન મલતો હોય તો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ યોજના (મનરેગા)ની તપાસ કરશે ખરા કે પછી જેસા થા વેસા હી ચલેગા તે જોવાનું રહયું.

મનરેગા વિભાગ કચેરીના ભ્રષ્ટાચારના સમાચાર પ્રસિદ્ધ થયા પછી પણ તાલુકા વિકાસ અધિકારી કેમ એકશનમાં આવતા નથી અને કેમ સ્થળની મુલાકાત લેતા નથી, શું તાલુકા વિકાસ અધિકારીને ભ્રષ્ટાચાર અધિકારીઓનો ડર લાગી રહયું છે કે પછી પોતાની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ લાગી રહયા છે.

# પંચમહાલમાં કમોસમી વરસાદને લઈને થયેલા નુકસાનને લીધે ખેડૂતોની સ્થિતિ પડતા પર પાટું જેવી થવા પામી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
તાઉ-તે વાવાઝોડાને લઈને શહેરા સહિત સમગ્ર જિલ્લામાં વાતાવરણમાં પલટો આવા સાથે ભારે પવન ફુંકાયો હતો. કમોસમી વરસાદ વરસતા ખેડૂતોની સ્થિતિ કફોડી બની હતી. રાજ્ય સરકાર સર્વે કરીને વહેલીતકે સહાયની જાહેરાત કરે તેવી માંગ ખેડૂતો કરી રહ્યાં છે. તાઉ-તે વાવાઝોડાને લઈને વાતાવરણમાં અચનાક આવેલા બદલાવને લીધે ભરઉનાળે ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ હતી. પંચમહાલ જીલ્લામાં પણ સતત ત્રણ દિવસ ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. જીલ્લામાં ત્રણ દિવસમાં ૩૦૫ એમ.એમ. વરસાદ જીલ્લાના સાત તાલુકામાં નોંધાયો હતો. ભરઉનાળે જીલ્લામાં વરસેલા કમોસમી વરસાદને લઈને ખેતીને ભારે નુકશાન થવા પામ્યું છે. જીલ્લામાં આ વર્ષે ઉનાળુ સિઝનમાં ખેડૂતો દ્વારા કરવામાં આવેલા અનાજ-કઠોળ તેમજ બાગાયતી પાકોને ભારે પવન સાથે આવેલા કમોસમી વરસાદને લઈને ભારે નુકસાન થવા પામ્યું છે. જીલ્લામાં બાજરી-મકાઈ, શાકભાજી તેમજ તરબુચની ખેતી મહદઅંશે નિષ્ફળ જવા પામી છે. ત્યારે એક તરફ ખાતરના ભાવમાં વધારો તો બીજી તરફ કમોસમી વરસાદને લઈને થયેલા નુકસાનને લીધે ખેડૂતોની સ્થિતિ પડતા પર પાટું જેવી થવા પામી છે. જીલ્લાના ખેડૂતો સરકાર પાસે માંગ કરી રહ્યા છે કે સરકાર દ્વારા વહેલામાં વહેલી તકે પાક નુકશાનીનું સર્વે કરવામાં આવે અને નુકશાનીનું ૧૦૦% વળતર વહેલામાં વહેલી તકે આપવામાં આવે જેથી કરી આગામી ચોમાસું પાક માટે ખેડૂતોને આર્થિક મદદ મળી રહે. પંચમહાલ જીલ્લામાં ઉનાળુ સીઝનમાં વાવતેરના આંક જોઈએ તો જીલ્લામાં ડાંગર ૬૭૫ હેકટર, બાજરી ૨૨૭૫ હેકટર, મકાઈ ૫૦૦ હેકટર, મગ ૭૦૮ હેકટર, અડદ ૫૫ હેકટર, મગફળી ૫૨૫ હેકટર, તલ ૨૬૬ હેકટર, ડુંગળી ૬૪ હેકટર, શેરડી ૨૮ હેકટર, શાકભાજી ૨૭૧૬ હેકટર, ઘાસચારો ૪૮૨૦ હેક્ટર વિસ્તારમાં વાવતેર થવા પામ્યું હતું. જે પૈકી ૫૦% ઉપરાંતનું વાવેતર કમોસમી વરસાદને લઈને નિષ્ફળ જવા પામ્યું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. વાવાઝોડા તેમજ કમોસમી વરસાદને લઈને ખેડૂતોને થયેલા નુકસાન બાબતે પંચમહાલના માજી સાંસદ દ્વારા પણ સરકાર પાસે વહેલામાં વહેલી તકે ખેડૂતોને પાક નુકસાની આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

## તાઉ તે વાવાઝોડામાં અસર થયેલ ખેડુતોના પાકનું નુકશાનીનું સર્વે કરાવી આર્થિક સહાય માટે કોંગ્રેસ દ્વારા રજુઆત


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
તોક તે વાવાઝોડા વરસાદને કારણે પંચમહાલ જિલ્લાના ખેડૂતો ને થયેલ પારાવાર નુક્શાન સામે તાત્કાલિક સર્વે કરાવી આર્થિક સહાય મળવા માટે પંચમહાલ જિલ્લા કોંગ્રેસે માંગ કરી. ગુજરાત રાજ્ય કૃષિ સચિવ ને રજુઆત કરતું આવેદન પત્ર પંચમહાલ જિલ્લા પંચાયત ખેતીવાડી અધિકારીને સુપ્રત કરી પંચમહાલના ખેડૂતોને ન્યાય મળે તે માટે વિવિધ મુદ્દે આવેદનપત્ર સુપ્રત કરવામાં આવેલ હતું. હાલમાં આવેલ તાઉ તે વાવાઝોડાના કારણે પંચમહાલ જિલ્લાના ખેડૂતોના કૃષિ પાક, બગાયતી પાકને ખૂબ જ મોટું નુકશાન થયેલ છે. હાલની કોરોનાની ચિંતા પ્રેરિત પરિસ્થિતિ અને ખેડૂતો ઉપર આવેલ આ આકસ્મિક મુશ્કેલીને કારણે ખેડૂતોની સ્થિતિ દયનીય બની છે. આ સંજોગોમાં પંચમહાલના સાત તાલુકાના ખેડૂતોને પાકને નુકશાનનો તાત્કાલીક સર્વે કરી પેકેજ જાહેર કરી વળતર આપવા પંચમહાલ જિલ્લા કોંગ્રેસે માંગ કરેલ પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટીના નેતૃત્વમાં પંચમહાલ ખેતીવાડી અધિકારીને સુપ્રત કરવામાં આવેલ આવેદનપત્ર આપવાના કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મંત્રી રફીક તીજોરિવાલા, જિલ્લા કોંગ્રેસ મહામંત્રી ઉમેશ શાહ, આબિદ શેખ જિલ્લા કોંગ્રેસ યુથ પ્રમુખ મિકી જોસેફ, સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટ સન્ની શાહ સહિત હાલની કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સોશિયલ ડિસ્ટન્સથી આવેદન સુપ્રત કરી રજૂઆત કરવામાં આવેલ હતી.

# પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં ૩૩ દિવસ બાદ દુકાનો ખુલતાં બજારમાં ચહલપહલ જોવા મળી

ગોધરા,
ગુજરાત સરકાર દ્વારા ૩૩ દિવસના આંશિક લોકડાઉન બાદ આજ થી સવારે ૯ થી બપોરના ૩ વાગ્યા સુધી ધંધા રોજગાર માટે કોવિડના નિયમો સાથે છુટછાટ આપવામાં આવી છે. જયારે ૩૬ શહેરોમાં રાત્રીનો કરફ્યુ યથાવત રહેશે. છેલ્લા ૩૩ દિવસ સંપૂર્ણ બંધ રહેતા ધંધા રોજગાર માટે છુટછાટ મળતાં બજારો ધમધમતા જોવા મળ્યા છે.

પંચમહાલ જીલ્લાના ગોધરામાં છેલ્લા ૩૩ દિવસ થી તમામ ધંધારોજગાર બંધ રાખવાના સરકારના આદેશ બાદ વેપારીઓની કફોડી સ્થિતીમાં મુકાઈ ગયા હતા. કોરોના સંક્રમણને અટકાવવાના સરકારના નિર્ણયને વેપારીઓ દ્વારા સહયોગ કરવામાં આવ્યો છે. હાલ જયારે કોરોના સંક્રમણના કેસમાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે. ત્યારે સરકાર દ્વારા તમામ ધંધા રોજગારને સવારે ૯ થી ૩ વાગ્યા સુધી ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. સરકાર દ્વારા ધંધા રોજગાર બપોરના ૩ સુધી ચાલુ રાખવાના નિર્ણય લેતાં વેપારીઓએ ૩૩ દિવસ પછી પોતાની દુકાનો શરૂ કરી હતી. બજારમાં દુકાનો ખુલતાં બજારમાં લોકોની ચહલપહલ જોવા મળી હતી. સરકારના જાહેરાત પ્રમાણે ૩ વાગ્યાના ટકોરે તમામ દુકાનો બંધ થઈ હતી પરંતુ સરકાર દ્વારા આંશિક લોકડાઉન બાદ આંશિક છુટછાટ આપવામાં આવી છે. તેને લઈ ધંધાર્થીઓમાં ખુશી જોવા મળી છે.

# કાલોલ કસ્બા વિસ્તારમાં ટ્રાસ્મર DPમાં અચાનક આગના ભભુકી ઉઠતા સ્થાનિક રહીશોમાં અફરાતફરી મચી



કાલોલ,
કાલોલ ટીમલી ફળિયામાં પાસે આવેલી કસ્બા વિસ્તારની ડીપીમાં જીઈબીના કર્મચારીઓ સમારકામ કરતાં હતાં. અચાનક એમ.જી.વી.સી.એલની ડીપીમાં અગમ્ય કારણોસર આગ ભભુકી ઉઠતા સ્થાનિક રહીશોમાં અફરાતફરી મચી જવા પામી હતી. જેમાં આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો. પરંતુ જોતજોતામાં ટ્રાન્સફર ડીપીમાં આગ પ્રસરી જતાં આગના ગોટેગોટા નજરે ચડ્યા હતા. આ જોઈને સ્થાનિક રહીશોએ રેતી અને પાણીથી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગનાં વિકરાળ સ્વરૂપને કારણે આગને કાબૂમાં લેવા પહેલા ડીપીના વાયરો બળીને ખાખ થઈ ગયા હતા.આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોય એવું અનુમાન લગાવાઈ રહ્યું છે. જોકે કોઈ જાનહાનિ થઈ નથી.આ ડીપીના ધુમાડાના ગોટેગોટા જોવા મળતા જોતજોતામાં લોકોના ટોળાઓ જામી ગયા હતા.આગની લપેટમાં આવેલી ડીપીના કારણે કાલોલ કસ્બા વિસ્તારોમાં વિજપુરવઠો ઠપ્પ થઈ જતા ચાર પાંચ વિસ્તારોમાં અંધારપટ છવાઈ ગયો હતો. આ ઘટનાની જાણ કાલોલ તાલુકાના સબડિવિઝનના નાઈબ ઈજનેર દેવાંગભાઈ પરમારને કરવામાં આવતા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચીને વિજપુરવઠો પુનઃ સ્થાપિત કરવાની તજવીજ હાથ ધરી તાબડતોબ વિજપુરવઠો ચાલુ કરીને ગંભીર મુશ્કેલી ટાળવામાં આવી હતી.

# કાલોલ તાલુકાના કંડાચ ગામમાં કપિરાજના આતંકથી વનવિભાગે તોફાની કપિરાજને કાબુમાં લેવા પાંજરા ગોઠવ્યા


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ તાલુકાના કંડાચગામમાં કપિરાજના આતંકથી ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. છેલ્લા ઘણાં વર્ષોથી કાલોલ તાલુકાના કંડાચ ગામમાં માનવ વસ્તી સાથે સાથે કપિરાજની વસ્તી પણ જોવા મળી રહી છે. કંડાચ ગામના મોટાં ભાગના લોકો ખેડુત છે. તે પોતાના ખેતરમાં રીંગન, કોબીચ, ગિલોડા જેવી ખેતી કરવા ખેતરમાં માંડવા નાખતાં હોય છે. જયારે ખેડુત ખાતેદાર દ્વારા કરવામાં આવતી ખેતીને જંગલી ભૂંડ, કપિરાજ દ્વારા ખેડુતને દર વર્ષે ખેતીમાં ઘણું નુકસાન પહોંચતું હોય છે. તદ્ઉપરાંત ખેતરો તરફથી રહેઠાણ વિસ્તારમાં પણ ધમાચકડી મચાવીને છતના પતરાંને પણ નુકશાન પહોંચાડતા હોય છે. તો ઘણીવાર ઘરની ગૃહિણીઓ દ્વારા રસોઈ બનાવતી વખતે રસોડામાં ઘુસીને રોટલા-રોટલી લેવા દોડી આવી વાસણ માંથી રોટલા-રોટલી લઈ નાશી છુટતા હોય છે. ક્યારેક મસ્તીમાં આવેલાં કે ધમાચકડી મચાવી દેતાં કેટલાક કપિરાજ માનવ લોહી ચાખી લેતા અનેકને બચકાં પણ ભરી લેતા હોય છે. એવુજ કાંઈક કંડાચ ગામમા છેલ્લા બે દિવસથી એક કપિરાજ એ ધમાચકડી મચાવીને અંદાજીત ત્રણથી ચાર વ્યકિતઓ ને બચકાં ભરી લેતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. જોકે ગામનાં નાગરિકો દ્વારા વનવિભાગની ટીમ ને જાણ કરતા વનવિભાગ દ્વારા તાત્કાલીક પોતાની ટીમ સાથે કંડાચગામે પીંજરા ગોઠવી તોફાની કપિરાજ ને પકડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

# પંચમહાલમાં આજરોજ ૭૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં આજે કોવિડ-૧૯ સંક્રમણના નવા ૭૫ કેસ મળી આવતાં સંક્રમણના કુલ કેસની સંખ્યા ૯૧૪૧ થવા પામી છે. ૧૪૧ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલ માંથી રજા આપવામાં આવતાં હાલની સ્થિતીએ જીલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ૧૨૦૫ થવા પામી છે. જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા તમામ કેસો પૈકી ગોધરા શહેરમાં ૧૫, હાલોલ-૧૦, કાલોલ-૦૩, શહેરા-૦૧ શહેરી વિસ્તારમાંથી મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તાર માંથી મળી આવેલ ગોધરા ગ્રામ્ય-૦૮, હાલોલ-૦૪, કાલોલ-૧૧, મોરવા(હ)-૦૫, ઘોઘંબા-૦૧, શહેરા-૧૫, જાંબુઘોડા-૨ મળી આવ્યા છે. હાલ પંચમહાલ જીલ્લામાં કોરોના કેસની સંખ્યા ઘટાડો થતાં આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્રમાં રાહત જોવા મળી છે.

### પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતી

| : શહેરી વિસ્તાર : |
|---|
| ગોધરા-૧૫ |
| હાલોલ - ૧૦ |
| કાલોલ - 03 |
| શહેરા - 0૧ |
| : ગ્રામ્ય વિસ્તાર : |
| ગોધરા - 0૮ |
| હાલોલ - 0૪ |
| કાલોલ - ૧૧ |
| મોરવા(હ) - 0૫ |
| ઘોઘંબા - 0૧ |
| જાંબુઘોડા - 0૨ |
| શહેરા - ૧૫ |
| સક્રિય કેસ - ૧૨૦૫ |
| રજા અપાઈ - ૧૪૧ |

# ગોધરા નિવૃત્ત ના.કાર્યપાલક ઈજનેર વિરૂદ્ધ અપ્રમાણસરની મિલ્કતના કેસમાં આગોતરા જામીન અરજી નામંજુર

ગોધરા,
ગોધરાના નિવૃત્ત ના.કાર્યપાલક ઈજનેર સામે ૫.૪૭ કરોડની અપ્રમાણસરની મિલ્કત મામલે એસીબી દ્વારા ફરિયાદ નોંધાવામાં આવી હતી. ધરપકડ થી બચવા માટે આગોતરા જામીન અરજી મુકવામાં આવી હતી. તે આગોતરા જામીનને નામંજુર કરાઈ . ગોધરાના નિવૃત્ત ના.કાર્યપાલક ઈજનેર ચુની ઘાસચાણી સામે ૫.૪૭ કરોડની અપ્રમાણસરની મિલ્કત બાબતે ગોધરા એસીબીમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. અપ્રમાણસર મિલ્કતના ગુનામાં નોંધાયેલ ફરિયાદમાં ધરપકડ થી બચવા માટે ચુની ઘાસીચાણી દ્વારા આગોતરા જામીન અરજી મુકવામાં આવી હતી. જેની ગોધરા સ્પેશ્યલ એસીબી કોર્ટ દ્વારા સુનાવણી કરાઈ હતી. જેમા કોર્ટ દ્વારા ચુની ઘાસચાણીના આગોતરા જામીન અરજીને નામંજુર કરવામાં આવી છે.

# પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાજીવ ગાંધી પૂણ્યતિથી સેવાકીય કાર્ય કરી ઉજવણી



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,
ભારત રત્ન આધુનિક ભારતના પ્રણેતા યુવાઓને મતદાન-સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓને ૩૩% સ્થાન કોમ્પ્યુટર, દૂરસંચાર, વિજ્ઞાન, ઉદ્યોગ, ઇન્ફાસ્ટ્રકચર, અંતરિક્ષ સંશોધન જેવા મહત્વના ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપી દેશની પ્રગતિમાં મહત્વપૂર્ણ પ્રદાન કરનાર ભારતના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૩૦મી પુણ્યતિથી નિમિત્તે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ દ્વારા સ્વ. રાજીવ ગાંધીની દેશસેવાઓને યાદ કરી સ્વ. રાજીવ ગાંધીની તસ્વીરને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ છે અને સમાજ ઉપયોગી સેવાકીય કાર્યો પણ કરવામાં આવેલ છે. હાલની કોરોના મહામારીની સ્થિતિને ધ્યાનમાં લઈ સોશ્યલ ડિસ્ટન્સ સાથે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.